# પ્રકરણ : ૧૮

# અહમિન્દ્ર અને તેના અસ્થિરતાજન્ય દુઃખ



**પ્રકરણની રૂપરેખા**

- ✿ પ્રાસ્તાવિક
- અહમિન્દ્ર કોને કહે છે ?
- અહમિન્દ્રના ત્રણ પ્રકાર
  ૧. ગ્રૈવેયક ૨. અનુદિશ ૩. અનુત્તર
- સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્રનું વર્ણન
- અહમિન્દ્રનું સ્વરૂપ
- **અહમિન્દ્રના અસ્થિરતાજન્ય દુઃખ**
  - અસ્થિરતા એટલે શું ?
  - અસ્થિરતાજન્ય દુઃખ કોને કહે છે ?
  - અસ્થિરતાજન્ય દુઃખના બે કારણ
    ૧. ઇન્દ્રિયજ્ઞાન ૨. પરચારિત્ર
  - અસ્થિરતાજન્ય દુઃખ મટાડવાનો ઉપાય
- ✿ ઉપસંહાર



एवं सुष्ठु असारे संसारे दुक्खसागरे घोरे ।
किं कुत्र अपि अस्ति सुखं विचार्यमाणं सुनिश्चयतः ॥

**ભાવાર્થ : જો દેવો, ઈન્દ્રો અને અહમિન્દ્રો પણ દુઃખી છે તો સર્વપ્રકારે અસાર અને દુઃખોના સાગર એવા આ ઘોર સંસારમાં શું કોઈ પણ ઠેકાણે કિંચિત્ પણ સુખ છે ? પરમાર્થથી વિચારવામાં આવે તો જે દુઃખ ભોગવવાનું જ સ્થાન છે એવા સંસારમાં સુખ ક્યાંથી હોય ? ન જ હોય.** (સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૬૨)

સંસારનું સ્વરૂપ જ દુઃખરૂપ છે. તેથી સંસારની ચારેય ગતિમાં ક્યાંય પણ સુખ હોતું નથી. સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે દેવલોકમાં સુખ હોય છે. ભવનવાસી, વ્યંતર અને જ્યોતિષી જેવા નીચલી કક્ષાના દેવો કદાચ દુઃખી હોય પણ વૈમાનિક દેવના સ્વર્ગલોકમાં પણ શું દુઃખ હોય ? જગતના લોકો તો ઊંચા પ્રકારના સુખને સ્વર્ગ જેવું સુખ કહે છે તો શું સ્વર્ગમાં પણ સુખ હોતું નથી ? હા, સ્વર્ગમાં પણ સુખ નથી. સ્વર્ગ પણ સંસારની એક ગતિ છે અને તેથી તે પણ દુઃખ ભોગવવાનું જ સ્થાન છે.

સોળ સ્વર્ગ ઉપરના વૈમાનિક દેવો એ કલ્પાતીત દેવો કે અહમિન્દ્રો તરીકે ઓળખાય છે. તેઓ અતિશય પુણ્યશાળી, મહાઋદ્ધિના ધારક અને સર્વોત્કૃષ્ટ છે. આવા અહમિન્દ્રો પણ દુઃખી હોય તો પછી આ સંસારમાં સુખનું કોઈ સ્થાન નથી. સંસારમાં સુખ નથી પણ દુઃખ જ છે અને પોતાનું સુખ મોક્ષમાં જ છે તેમ નક્કી થાય તો જ મોક્ષ અને મોક્ષ માર્ગનો ઉપાય બની શકે. આવો ઉપાય કરવામાં જ આ જીવનનું સાફલ્ય છે.

અહમિન્દ્રો પણ કઈ રીતે દુઃખી છે તે જાણીએ તે પહેલાં તેમનાં વિષેની સંક્ષિપ્ત માહિતી મેળવીએ.

## અહમિન્દ્ર કોને કહે છે ?

સોળ સ્વર્ગ સુધીના દેવોમાં ઈન્દ્ર, સામાનિક વગેરે દશ પ્રકારના ભેદની કલ્પના હોવાથી તેઓ કલ્પવાસી તરીકે ઓળખાય છે. સોળમા સ્વર્ગથી ઉપર આવેલ નવ ગ્રૈવેયક, નવ અનુદિશ અને પાંચ અનુત્તર વિમાનોના વૈમાનિક દેવમાં આવા ભેદની કલ્પના ન હોવાથી તેઓ કલ્પાતીત કહેવાય છે. આ કલ્પાતીત દેવો અહમિન્દ્ર તરીકે પણ ઓળખાય છે.

### 'અહમિન્દ્ર' નામની સાર્થકતા

અહમિન્દ્રો એક સરખા વૈભવ અને ઋદ્ધિના ધારક હોય છે. સમાન કોટીના આ દેવોમાં કોઈપણ પ્રકારના ભેદની કલ્પના નથી. તેથી તેઓમાં એકબીજાથી હીનાધિકપણું હોતું નથી. ઈન્દ્ર જેવી પરમ વિભૂતિ અને સઘળી સાનુકૂળતાઓ ધરાવનારા આ દેવોનો કોઈ અધિપતિ હોતો નથી તેમને પોતાના પરિવારના દેવો હોતા નથી. દેવીઓ પણ હોતી નથી. હું જ ઈન્દ્ર છું અને મારા સિવાય મારો કોઈ અધિપતિ અન્ય ઈન્દ્ર નથી— આ રીતે પોતાની જાતને જ ઈન્દ્ર માનનાર આ દેવોનું 'અહમિન્દ્ર' નામ સાર્થક છે.

## અહમિન્દ્રના ત્રણ પ્રકાર

અહમિન્દ્રના ત્રણ પ્રકાર છે :

૧. ગ્રૈવેયક, ૨. અનુદિશ અને ૩. અનુત્તર.

### ૧. ગ્રૈવેયક

**વૈમાનિક દેવના સોળ સ્વર્ગ ઉપરના નવ પટલ લોકની ગ્રીવા (ડોક) સમાન જણાતા હોવાથી તે ગ્રૈવેયક તરીકે ઓળખાય છે.**

ગ્રૈવેયકના નવ પટલના નવ ઈન્દ્રક વિમાનો છે. તેના નામ આ પ્રમાણે છે— ૧. સુદર્શન, ૨. અમોઘ, ૩. સુપ્રબુદ્ધ, ૪. યશોધર, ૫. સુભદ્ર, ૬. સુવિશાળ, ૭. સુમનસ, ૮. સૌમનસ અને ૯. પ્રીતિંકર. આ નવ પટલના નવ ઈન્દ્રક વિમાનોના નામે નવ ગ્રૈવેયકના નામ કહેવાય છે.

ગ્રૈવેયકમાં ૯ ઇન્દ્રક ઉપરાંત ૨૧૬ શ્રેણીબદ્ધ અને ૮૪ પ્રકીર્ણક મળીને કુલ ૩૦૯ વિમાનો હોય છે. આ નવ ગ્રૈવેયકમાં ઉત્પન્ન થનારા જીવો જિનલિંગધારી મુનિ જ હોય છે. ભાવલિંગી મુનિ ઉપરાંત અજ્ઞાની કે અભવ્ય હોય તેવા દ્રવ્યલિંગી મુનિ પણ અહીં ઉત્પન્ન થઇ શકે છે.

### ૨. અનુદિશ

**નવ ગ્રૈવેયકના નવ પટલ ઉપર આવેલ એક પટલ અનુદિશ વિમાનનો હોય છે. તેમાં એક ઇન્દ્રક, ચાર શ્રેણીબદ્ધ અને ચાર પ્રકીર્ણક મળીને કુલ નવ વિમાનો છે, જે નવ અનુદિશ તરીકે જાણીતા છે.**

અનુદિશમાં ઇન્દ્રક વિમાનનું નામ ૧. આદિત્ય છે. તેની ફરતે ચારે દિશાઓમાં અનુક્રમે પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તરમાં આવેલ શ્રેણીબદ્ધ વિમાનના નામ ૨. અર્ચિ, ૩. અર્ચિમાલિની, ૪. વૈર અને ૫. વૈરોચન છે. તથા ચારે વિદિશાઓમાં અનુક્રમે ઇશાન, અગ્નિ, નૈઋત્ય, વાયવ્યમાં આવેલ પ્રકીર્ણક વિમાનોના નામ ૬. સોમ, ૭. સોમપ્રભ, ૮. અંક અને ૯. સ્ફટિક છે. અહીં ઉત્પન્ન થનારા જીવો પણ જિનલિંગધારી મુનિગણ જ હોય છે. પરંતુ અહીં ઉત્પન્ન થનારા જિનલિંગધારી ભાવલિંગી સમ્યગ્દષ્ટિ મુનિઓ જ હોય છે. મિથ્યાદષ્ટિ કે અભવ્ય જીવ અહીં ઉત્પન્ન થતા નથી.

### ૩. અનુત્તર

**અનુદિશ ઉપર આવેલ અંતિમ એક પટલ અનુત્તર વિમાનનો કહેવાય છે. તેમાં એક ઇન્દ્રક અને ચાર શ્રેણીબદ્ધ મળીને કુલ પાંચ વિમાનો છે, જે પાંચ અનુત્તર તરીકે ઓળખાય છે.**

અનુત્તરમાં ઇન્દ્રક વિમાનનું નામ ૧. સર્વાર્થસિદ્ધિ અને તેની ફરતે ચાર દિશાઓના આવેલા ચાર શ્રેણીબદ્ધ વિમાનોના નામ અનુક્રમે ૨. વિજય, ૩. વૈજયંત, ૪. જયંત અને ૫. અપરાજિત છે.

અહીં ઉત્પન્ન થતા જીવો પણ જિનલિંગધારી મુનિઓ જ હોય છે અને તે સમ્યગ્દષ્ટિ ભાવલિંગી મહામુનિઓ જ હોય છે. મુનિથી નીચી કક્ષાના અને મિથ્યાદષ્ટિ જીવો અહીં ઉત્પન્ન થતા નથી. વળી અહીં ઉત્પન્ન થતા જીવો એકાવતારી હોય છે.

અહમિન્દ્રોના કલ્પાતીત દેવોના વિમાનોની કુલ સંખ્યા નીચેના કોઠા પ્રમાણે છે.


| અહમિન્દ્રનો પ્રકાર | ઇન્દ્રક વિમાન | શ્રેણીબદ્ધ વિમાન | પ્રકીર્ણક વિમાન | કુલ વિમાન |
|---|---|---|---|---|
| ૧. ગ્રૈવેયક | ૯ | ૨૧૬ | ૮૪ | ૩૦૯ |
| ૨. અનુદિશ | ૧ | ૪ | ૪ | ૯ |
| ૩. અનુત્તર | ૧ | ૪ | ૦ | ૫ |
| કુલ | ૧૧ | ૨૨૪ | ૮૮ | ૩૨૩ |

કલ્પાતીત દેવો- અહમિન્દ્રોનું વર્ણન તેના પ્રતિનિધિત્વરૂપે સૌથી ઉપરના અનુત્તર સ્વર્ગના સર્વાર્થસિદ્ધિ વિમાન અને તેના અહમિન્દ્રના આધારે આ નીચે કરવામાં આવે છે.

## સર્વાર્થસિદ્ધિ વિમાનનું વર્ણન

સર્વાર્થસિદ્ધિ વિમાનમાં ઉત્પન્ન થવાવાળાં દેવોના સર્વ અર્થોની અર્થાત્ સર્વ પ્રયોજનોની સિદ્ધિ સહજ જ થઇ જતી હોવાથી તેનું **'સર્વાર્થસિદ્ધિ'** નામ સાર્થક છે. વળી તે એમ પણ સૂચવે છે કે ત્યાંના દેવો સર્વોત્કૃષ્ટ અને એકાવતારી છે.

વૈમાનિક સ્વર્ગના સૌથી ઉપરના ૬૩મા પટલના મધ્ય ભાગમાં આવેલ 'ચૂડામણિ સમાન ઉત્તમ રચનાઓથી શોભાયમાન અને અકૃત્રિમ એવા સર્વાર્થસિદ્ધિ વિમાનનો વિસ્તાર જંબૂદ્વીપ જેટલો જ એટલે કે એક લાખ યોજન (૧૨૮૦૦૦૦કિ.મી.)નો છે. લોકના ટોચના ભાગથી માત્ર બાર યોજન (૧૫૩.૬ કિ.મી.)નીચે હોવાથી તે સિદ્ધશિલાની સમીપ છે. લોકના અગ્રભાગમાં અને લોકમાં સર્વશ્રેષ્ઠ એવા આ વિમાનની ભૂમિ નીલમણિની બનેલી છે. નીલમણિની ભૂમિ ઉપર વિખરાયેલા દૈવી પુષ્પોને દૂરથી જોતાં જાણે નીલા આકાશના તારાઓ હોય તેવું જણાય છે. આ વિમાનમાં રત્નકિરણોના ઝગમગાટથી હંમેશાં સૂર્ય જેવો પ્રકાશ રહે છે. ઝગમગતા પ્રકાશને કારણે આ વિમાનની ચારેબાજુ ચમકીલા કોટ જેવું રંગબેરંગી આભામંડળ રચાઇ જાય છે કે જે ઇન્દ્રધનુષ જેવું જ લાગે. આ વિમાનમાં રહેલી સુશોભિતમોતીમાળાઓ એવી ઝૂલે છે કે જાણે સ્વર્ગીય સંપદાઓની દંતપંક્તિઓનું મુક્ત હાસ્ય જ હોય.



સર્વાર્થસિદ્ધિ વિમાનમાં રહેનારા દેવોના દિવ્ય રત્નમય પ્રાસાદ(મહેલ) ૫ યોજન (૬૪ કિ.મી.) લાંબા, ૨.૫ યોજન

(૩૨ કિ.મી.) પહોળા અને ૨૫ યોજન (૩૨૦ કિ.મી.) જેટલા ઊંચા હોય છે. આ વિમાનની મધ્યમાં આવેલ શાશ્વત જિનાલય અને તેના જિનપ્રતિમાઓની શોભા તો જોવાથી જ સમજાય. તેનું વર્ણન શબ્દોથી થઇ શકે નહીં. અકૃત્રિમ જિનપ્રતિમાઓની વીતરાગભાવવાહી મુદ્રા જાણે સાક્ષાત્ જિનેન્દ્ર ભગવાન પોતે જ બિરાજતા હોય એવી જણાય છે. જિનાલયની નજીકમાં અહમિન્દ્રોની ઉત્પત્તિનું સ્થાન–ઉપપાદગૃહ હોય છે. આ વિમાનમાં આ ઉપરાંત ચૈત્યવૃક્ષ, અભિષેકગૃહ, સંગીતશાળા, ગુણનગૃહ વગેરે પણ હોય છે. આ વિમાનના જિનાલય અને ભવનોનો સુશોભિત ધજા–પતાકાઓ એવી લહેરાય છે કે જાણે ભાવલિંગી મુનિરાજોને ત્યાં આવવાનું આમંત્રણ આપી રહી હોય ! ત્યાંના ભવનોના લટકતી સુકોમળ ફુલોની સુગંધિત માળાઓ ત્યાં રહેનારા અહમિન્દ્રોના ફુલ જેવા કોમળ અને ઉત્તમ મનને જ સૂચિત કરનારી છે. લોકમાં અદ્ભૂત અને સર્વોત્કૃષ્ટ એવા આ સર્વાર્થસિદ્ધિ વિમાનની શોભા અલૌકિક અને અચિંત્ય છે.

## સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્રનું વર્ણન

સર્વાર્થસિદ્ધિ વિમાનની ઉપપાદગૃહની ઉપપાદ શૈયા પર ઉત્પન્ન થતા અહમિન્દ્રો ક્ષણવારમાં છયે પર્યાપ્તિ પૂરી કરીને પૂર્ણ શરીરને પામે છે. સુંદર લક્ષણોથી યુક્ત પૂર્ણ યૌવનને પ્રાપ્ત આ દેવનું શરીર કોઇ પણ ધાતુ, મળ કે દોષ રહિતનું હોય છે. જગતના શુભ, શાલીન અને સુગંધિત પરમાણુઓ ભેગા મળીને જેની રચના થઇ છે તેવું આ અહમિન્દ્રનું શરીર સ્વભાવથી જ સુંદર અને આંખોને આનંદ આપનારૂં છે. આ અહમિન્દ્રનું પવિત્ર વૈક્રિયિક શરીર એવું સુંદર છે કે જાણે સૌંદર્યનો જ સાર હોય ! તે એવું નિર્મળ અને મધુર છે કે જાણે અમૃતમાંથી જ બનાવાયેલું હોય ! ઇન્દ્રોને પણ અગોચર એવા સર્વોત્કૃષ્ટ પદને ધારણ કરનારો આ અહમિન્દ્ર ઉપપાદ શૈયા પરથી નજીકના સિંહાસન પર આરૂઢ થાય છે ત્યારે એવો શોભી ઊઠે છે કે જાણે નિષિધ પર્વતની મધ્યમાં આરૂઢ થયેલો સૂર્ય જ હોય ! અદ્ભૂત કાંતિથી પ્રકાશિત દિવ્યહંસ સમાન અહમિન્દ્રના નિર્મળ મુખને ચંદ્ર કેમ કહેવાય ? ચંદ્રને તો કલંક હોય છે. જન્મ સમયે આ નિષ્કલંક અહમિન્દ્ર ગળામાં આરોપવામાં આવતી દૈવી પુષ્પોની માળાને ધારણ કરતો દેખાય છે પણ ખરેખર જોવામાં આવે તો તે પોતાની સાથે જ ઉત્પન્ન થયેલી અને જીવનપર્યંત નષ્ટ ન થવાવાળી સ્વર્ગની લક્ષ્મીને જ ધારણ કરે છે !

શિખામણિ કે સૂર્ય પોતાના સ્વભાવથી જ ઉત્પન્ન થતી પ્રભા દ્વારા આકાશને આંજી નાંખે છે. તેમ દિવ્ય શરીરથી દેદીપ્યમાન એવો તે અહમિન્દ્ર જાણે કે સ્વર્ગલોકનો શિખામણી કે સૂર્ય હોય તેવો જણાય છે. શુદ્ધ સ્ફટિક સમાન શરીરને ધારણ કરવાવાળો આ દેવ પોતાના આભૂષણ, વસ્ત્ર, માળા અને તેજથી એવો શોભે છે કે જાણે ભૂષણાંગ, વસ્ત્રાંગ, માલાંગ, અને તેજાંગ જાતિનું કોઇ કલ્પવૃક્ષ જ હોય !

અણિમા, મહિમા જેવી આઠ પ્રકારની ઋદ્ધિઓથી સંપન્ન આ અહમિન્દ્ર સૌ પ્રથમ અકૃત્રિમ જિનપ્રતિમાઓનું પૂજન કરવા ખૂબ જ ભક્તિભાવ અને હર્ષોલ્લાસપૂર્વક જાય છે. પોતાની ઇચ્છામાત્રથી ઉત્પન્ન થયેલ પવિત્ર જલ, ગંધ, અક્ષત, પુષ્પ, નૈવેદ્ય, દીપ, ધૂપ અને ફળ જેવા આઠ પ્રકારના દૈવી દ્રવ્યોથી તે વિધિપૂર્વક જિનેન્દ્ર પૂજન કરે છે. જેમના અવધિજ્ઞાનનો વિષય સમગ્ર ત્રસનાલી છે તેવો આ પુણ્યાત્મા સમસ્ત લોકમાં રહેલ જિનપ્રતિમાઓનું પોતાના સ્થાનમાં રહીને જ પૂજન કરે છે. આવા સમયે તેનું મન જિનેન્દ્ર ભગવાનના ગુણોના ચિંતવનમાં, તેની વચનની પ્રવૃત્તિ જિનેન્દ્ર ભગવાનના સ્તવનમાં અને શરીર તેમના વંદનમાં જોડાયેલું હોય છે. અંતરંગ ઉત્તમ ભાવો વડે જિનેન્દ્ર ભક્તિનો ઉત્તમ નમૂનો આ દેવ પૂરો પાડે છે.

એક હાથઊંચા સફેદ અને સુંદર શરીર ધારણ કરવાવાળો આ દેવ પોતાના સમચતુરસ્ત્ર ઉત્તમ સંસ્થાન, દિવ્ય વેશભૂષા અને ધીર–ગંભીર ચેષ્ટાઓથી અત્યંત દીપી ઉઠે છે. આ દેવ ક્યારેક બહારમાં પોતાના નિવાસસ્થાનની સમીપવર્તી ઉપવનના સરોવરના કિનારે રાજહંસની માફક પોતાની ઇચ્છાનુસાર વિહાર અને ક્રીડા કરતો દેખાય છે તોપણ તે અંદરમાં પોતાના સ્વક્ષેત્ર સિવાય અન્ય ક્ષેત્રમાં વિહાર અને ક્રીડા કરતો નથી. કેમ કે, તેને પોતાના નિરૂપદ્રવ સુખમય સ્થાનમાં જે ઉત્તમ પ્રીતિ હોય છે તેવી બીજે ક્યાંય હોતી નથી. આ દેવોને કામપીડા હોતી નથી. તેથી તેઓને દેવીઓ હોતી નથી. પ્રવીચાર રહિત હોવા છતાં તેઓ અન્ય દેવો કરતાં અનંતગણા સુખી છે. આ દેવોમાં પરસ્પર ઇર્ષ્યા કે અદેખાઇ હોતી નથી. તેઓ બીજાની નિંદા અને પોતાની પ્રશંસા ક્યારેય કરતા નથી. ઉત્તમ પ્રકારની શુક્લ લેશ્યાના ધારક આ દેવોનો કષાય એટલો મંદ છે કે તેઓ તીર્થંકર ભગવાનના કલ્યાણક મહોત્સવ ઉજવવા પણ જતા નથી. તીર્થંકરનો જન્મ થતાં પોતાના સ્થાનેથી ઉભા થઇ ભક્તિથી શિર ઝૂકાવી પોતાના મણિમય મુગુટ ઉપર હાથ રાખીને પ્રણામ કરે છે.



સમ્યગ્દષ્ટિ ધર્માત્મા એવા આ દેવો પોતાનો ઉપયોગ બહારમાં હોય ત્યારે તત્ત્વવિચાર અને તત્ત્વચર્ચામાં પોતાનો સમય વિતાવે છે. ધર્મગોષ્ઠિમાં વગર બોલાવ્યે પણ સામેલ થનારા આ અહમિન્દ્રો સ્વપરહિતકારી વચનો વડે પોતાના જેવા બીજા દેવો સાથે ચિરકાળ સુધી ધર્મતત્ત્વચર્ચા કરે છે. આ દેવોને આત્મા અને તેના સ્વરૂપનો અપાર મહિમા છે. પોતાના ૩૩ સાગરોપમના સુદીર્ઘ આયુકાળ સુધી

આત્માના ગુણોની *અપુનરુક્ત ચર્ચા કરે તોપણ તેનો અંત આવતો નથી. આ ચર્ચાના સંદર્ભમાં પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું મંતવ્ય દૃષ્ટવ્ય છે—

*'અહમિન્દ્રની ચર્ચાનું શું કહેવું ? આ દેવોને ૧૧ અંગ અને ૧૪ પૂર્વથી થોડુંક જ ઓછું એવું શાસ્ત્રનું અગાધ જ્ઞાન હોય છે. શાસ્ત્રમાં 'ગુણનગૃહ' આવે છે. એટલે ત્યાં સ્વાધ્યાય માટેનું ગૃહ અને શાસ્ત્રો હશે. અત્યારે પંચમકાળે આપણે ત્યાં શાસ્ત્રો અમુક છે. પણ દેવલોકમાં પૂર્ણ છે. ભગવાનની ધ્વનિમાં શું આવે તેની પણ આ દેવોને ખબર હોય છે. આત્મામાં અનંતા ભાવો ભરેલાં છે. તેનો વિસ્તાર કરવામાં આવે તો અનંત રહસ્ય નીકળે. આ બધી ચર્ચા તેઓ કરે અને તેનો પાર પણ ન આવે. શબ્દો તેના તે ન આવે અને ભાવો જુદા જુદા પ્રકારના આવે. સર્વાર્થસિદ્ધિના દેવો તેત્રીસ સાગરોપમ જેટલા કાળ સુધી ધર્મચર્ચા, જિનેન્દ્ર સ્તુતિ ઇત્યાદિ કર્યા કરે છે. આ બધાંનો સંક્ષેપ શુભાશુભ ભાવોથી ન્યારા એક જ્ઞાયકનો આશ્રય કરવો, જ્ઞાયકરૂપ પરિણતિ કરવી તે છે.'*

(પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા તારીખ : ૩-૧-૧૯૭૩ અને બહેનશ્રીનાં વચનામૃત નં. ૩૪૫ના આધારે)




છે. શરીર પર્યાપ્તિમાં આ દેવનું શરીર દિવ્ય અને પવિત્ર હોય એવું વૈક્રિયિક છે. ઇન્દ્રિય પર્યાપ્તિમાં પાંચેય ઇન્દ્રિયો પૂર્ણપણે હોય છે. શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિમાં જેટલા સાગરનું આયુષ્ય હોય તેટલા પખવાડિયા પછી એકવાર શ્વાસોચ્છ્વાસ હોય છે. ભાષા પર્યાપ્તિમાં આ દેવોની દિવ્ય ભાષા ઘણી મિષ્ટ અને સ્વ-પરને હિતકારી હોય છે. તેઓ આવી ભાષા વડે પરસ્પર ધર્મચર્ચા કરતાં રહે છે. મનઃપર્યાપ્તિમાં તેઓનું મન હંમેશાં આત્મહિતમાં લાગેલું રહે છે અને મનુષ્યપર્યાય પ્રાપ્ત કરી મુનિ દીક્ષા અંગીકાર કરી મોક્ષદશા પ્રાપ્ત કરવાની ભાવના ભાવે છે.

## અહમિન્દ્રનું સ્વરૂપ

સોળ સ્વર્ગ ઉપરના કલ્પાતીત વૈમાનિક દેવોને અહમિન્દ્ર કહે છે. આ દેવોનું સ્વરૂપ આ નીચે આપવામાં આવે છે.

**પ્રકાર :** અહમિન્દ્રના ત્રણ પ્રકાર છે— ૧. ગ્રૈવેયક, ૨. અનુદિશ અને ૩. અનુત્તર. તેઓની વિગત આ પહેલાં આવી ગઇ છે.

**પર્યાપ્તિ :** અહમિન્દ્રને આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન એ છયે પ્રકારની પર્યાપ્તિ હોય છે. આહાર પર્યાપ્તિમાં જેટલા સાગરનું આયુષ્ય હોય તેટલા હજાર વર્ષ પછી એકવાર આહાર હોય છે. આ રીતે ૩૩ સાગરનું ઉત્કૃષ્ટ આયુષ્ય ધરાવતા સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્રને ૩૩ હજાર વર્ષ પછી એકવાર આહારની ઇચ્છા હોય છે. આહારની ઇચ્છા થાય ત્યારે કંઠમાંથી ઝરતા અમૃતમય દિવ્ય માનસિક આહારથી તેઓ તૃપ્તિ અનુભવે

**જન્મનો પ્રકાર :** અહમિન્દ્રનો જન્મ આનંદમય અને શાતાપ્રદ હોય છે. આ અગાઉના પ્રકરણમાં કલ્પવાસી દેવના જન્મના પ્રકારમાં અને આ પ્રકરણમાં સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્રના વર્ણનમાં આ જન્મની બાબત આવી ગઇ હોવાથી અહીં ફરી આપવામાં આવતી નથી.

**અવસ્થાન :** અહમિન્દ્રના રહેઠાણ કે નિવાસસ્થાનને તેનું અવસ્થાન કહે છે. અહમિન્દ્રનું અવસ્થાન વિમાનનું હોય છે. સર્વાર્થસિદ્ધિ વિમાનનું વર્ણન આ અગાઉ આવી ગયું છે. તે મુજબનું વર્ણન બીજા વિમાનોનું પણ જાણવું.

**અવગાહના :** શરીરની ઊંચાઇને અવગાહના કહે છે. ઉપર ઉપરના દેવોમાં શરીરની ઊંચાઇ ઘટતી જાય છે. પ્રથમ ત્રણ ગ્રૈવેયકના દેવોની શરીરની ઊંચાઇ ૨.૫ હાથ (૧ મીટર) મધ્યના ત્રણ ગ્રૈવેયકના દેવોની ૨ હાથ (૮૦ સે.મી.) અને ઉપરના ત્રણ ગ્રૈવેયકના દેવોની ઊંચાઇ ૧.૫ હાથ (૬૦ સે.મી.) જેટલી હોય છે. નવ અનુદિશ અને પાંચ અનુત્તરમાં આ ઊંચાઇ ૧ હાથ (૪૦ સે.મી.) જેટલી હોય છે.

**આયુ :** અહમિન્દ્રોનું આયુષ્ય ઉપર ઉપરના દેવોમાં વધતું જાય છે. નવ ગ્રૈવેયક પૈકી પ્રથમ ગ્રૈવેયકમાં ઉત્કૃષ્ટ આયુષ્ય ૨૩ સાગર હોય છે, જે ક્રમશઃ વધતું વધતું બીજામાં ૨૪, ત્રીજામાં ૨૫, ચોથામાં ૨૬, પાંચમામાં ૨૭, છઠ્ઠામાં ૨૮, સાતમામાં ૨૯, આઠમામાં ૩૦ અને નવમામાં ૩૧ સાગરનું હોય છે. નવ અનુદિશ વિમાનોના અહમિન્દ્રનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૨ સાગરનું અને પાંચ અનુત્તર વિમાનોના અહમિન્દ્રનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૩ સાગરનું છે. પૂર્વ-પૂર્વના

અહમિન્દ્રોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્યારપછીના દેવનું જઘન્ય આયુષ્ય હોય છે. આ પ્રકારે અનુદિશ વિમાનનું ઉત્કૃષ્ટ ૩૨ સાગરનું આયુષ્ય એ અનુત્તર વિમાનનું જઘન્ય આયુષ્ય છે. આ રીતે અનુત્તર વિમાનના અહમિન્દ્રનું જઘન્ય આયુષ્ય ૩૨ સાગર અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૩ સાગરનું હોય છે. પરંતુ તેમાં અપવાદરૂપે સર્વાર્થસિદ્ધિના વિમાનના બધાં અહમિન્દ્રોનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય એકસરખું ૩૩ સાગરનું હોય છે.

**અવધિજ્ઞાનનો વિષય** : દરેક પ્રકારના અહમિન્દ્રનો ઉપરની તરફનો અવધિજ્ઞાનનો વિષય પોતપોતાના વિમાનના ધ્વજદંડ સુધીનો હોય છે. નીચેની તરફનો અવધિજ્ઞાનનો વિષય ક્રમશઃ વધતો જાય છે. તેમાં નવ ગ્રૈવેયકના અહમિન્દ્રોનો છઠ્ઠી પૃથ્વી સુધીનો, નવ અનુદિશ વિમાનના અહમિન્દ્રોનો સાતમી પૃથ્વી સુધીનો અને પાંચ અનુત્તર વિમાનના અહમિન્દ્રોનો સમગ્ર ત્રસનાલી સુધીનો હોય છે. અહમિન્દ્રોનું અવધિજ્ઞાન અત્યંત નિર્મળ હોય છે. તેઓ સંસારી જીવના મૂર્તિક કર્મોને પણ એકદમ સ્પષ્ટ જાણી શકે છે. અનુત્તર વિમાનના અહમિન્દ્રો તો વાતવલય સહિતની સમગ્ર ત્રસનાલી અને તેમાંના જીવોને તેના મૂર્તિક કર્મોના અનંતમાં ભાગ સહિત જાણી શકે છે.



**વિક્રિયા ઋદ્ધિ** : અહમિન્દ્રોને પોતાના અવધિજ્ઞાનના વિષય જેટલી વિક્રિયા ઋદ્ધિની શક્તિ હોય છે. તેના વડે તે પરનો ઉપકાર કે અપકાર કરી શકે છે અને બીજા ક્ષેત્રોમાં ગમન કરી શકે છે. પણ આ દેવોનો કષાય અત્યંત મંદ હોવાથી તેઓ આ ઋદ્ધિનો પ્રયોગ ક્યારેય કરતા નથી.

**લેશ્યા વિશુદ્ધિ** : નવ ગ્રૈવેયકના દેવોમાં મધ્યમ પ્રકારની શુક્લ લેશ્યા અને નવ અનુદિશ અને પાંચ અનુત્તર વિમાનના દેવોમાં ઉત્કૃષ્ટ પ્રકારની શુક્લ લેશ્યા હોય છે.

**પ્રવીચાર** : સ્ત્રી-પુરુષના કામસેવનને પ્રવીચાર કહે છે. અહમિન્દ્રોને કામપીડા હોતી નથી. તેથી તેમને પ્રવીચાર પણ હોતો નથી. તેમને દેવીઓ હોતી નથી. તેમ છતાં તેઓ સંસારી જીવોમાં સૌથી વધુ સુખી કહેવાય છે.

**ગતિ-આગતિ** : કર્મભૂમિના મનુષ્યો અને તેમાંય જિન લિંગધારી મુનિઓ જ અહમિન્દ્રોમાં ઉપજે છે. નવ ગ્રૈવેયકમાં ભાવલિંગી મુનિ ઉપરાંત દ્રવ્યલિંગી કે અભવ્ય હોય એવા મુનિ પણ ઉત્પન્ન થઇ શકે છે. પણ નવ ગ્રૈવેયકની ઉપર નવ અનુદિશ અને પાંચ અનુત્તર વિમાનમાં ઉપજનારા જીવો સમ્યગ્દૃષ્ટિ એવા ભાવલિંગી મુનિરાજો જ હોય છે. અહમિન્દ્રની અવસ્થા પૂરી કરીને તેઓ માત્ર મનુષ્યમાં જ ઉપજે છે. આ મનુષ્ય પણ કર્મભૂમિનો, સંજ્ઞી પંચેન્દ્રિય અને પર્યાપ્ત જ હોય છે. અનુદિશ અને અનુત્તર વિમાનના અહમિન્દ્રો શલાકા પુરુષ પૈકી બલભદ્ર, નારાયણ કે પ્રતિનારાયણ પદને પ્રાપ્ત થતા નથી પણ તે સિવાયના ચક્રવર્તી કે તીર્થંકર પદને પ્રાપ્ત થઇ શકે છે.

**સમ્યક્ત્વ અને મોક્ષની યોગ્યતા** : અહમિન્દ્રમાં ઉપજનારા જીવો જિનલિંગધારી મુનિઓ જ હોવાથી કોઇ ગૃહિત મિથ્યાદૃષ્ટિ ત્યાં હોતા નથી. નવ ગ્રૈવેયક સુધી કોઇ અગૃહિત મિથ્યાદૃષ્ટિ હોઇ શકે છે પણ નવ ગ્રૈવેયક ઉપરના નવ અનુદિશ અને પાંચ અનુત્તર વિમાનોના દેવો નિયમથી સમ્યગ્દૃષ્ટિ જ હોય છે. નવ ગ્રૈવેયકમાં જે મિથ્યાદૃષ્ટિ દેવ હોય તે જાતિસ્મરણ, જિનપ્રતિમા દર્શન, ધર્મોપદેશ જેવા નિમિત્તને પામીને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી શકે છે.

અનુત્તર સ્વર્ગના સર્વાર્થસિદ્ધિ વિમાનના અહમિન્દ્રો પૂર્વભવમાં ભાવલિંગી મુનિ હોય છે અને પછીના ભવમાં પણ મનુષ્યમાં અવતરી ભાવલિંગી મુનિ થઇને મોક્ષે જાય છે. તેથી સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્રો એકાવતારી કહેવાય છે. સર્વાર્થસિદ્ધિ સિવાયના બાકીના અનુત્તર સ્વર્ગના વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત વિમાનના અહમિન્દ્રો દ્વિચરમ દેહી હોય છે. એટલે કે હવે પછી એક મનુષ્ય અને એક દેવ એવા બે ભવ વચમાં કરીને ત્રીજા ભવે મનુષ્ય થઇને નિયમથી મોક્ષે જનારા હોય છે. બાકીના સ્વર્ગમાં નિયમથી આવો મોક્ષ હોતો નથી.

**અહમિન્દ્રમાં ઉપજવાનું કારણ** : જિનલિંગધારી મુનિરાજો જ અહમિન્દ્રમાં ઉપજે છે. દ્રવ્યથી નિર્ગ્રંથમુનિ હોય પણ ભાવથી દેશ સંયત અસંયત કે મિથ્યાદૃષ્ટિ હોય તેવા મુનિ પણ નવમી ગ્રૈવેયક સુધી ઉપજી શકે છે. એટલે કે 'દ્રવ્યલિંગી હોય પણ ભાવલિંગી ન હોય તેવા મુનિઓ નવ ગ્રૈવેયક સુધી ઉપજી શકે છે. અહીં 'નિરતિચારપણે '૨૮ મૂળગુણ ધારણ કરનારો મુનિ દ્રવ્યલિંગી હોય છે. પણ જેના મૂળગુણમાં કોઇ 'અતિચાર છે કે તે કોઇ પરિગ્રહ ધરાવે છે તે વાસ્તવિકપણે દ્રવ્યલિંગી પણ નથી અને તેથી તે ગ્રૈવેયકમાં પણ ઉપજવાનો અધિકારી નથી.

નવ ગ્રૈવેયક ઉપરના નવ અનુદિશ અને પાંચ અનુત્તર વિમાનમાં ઉપજનારા જીવો નિયમથી સમ્યગ્દષ્ટિ ભાવલિંગી મુનિઓ જ હોય છે.

અહમિન્દ્રમાં સર્વોત્કૃષ્ટ સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્રો છે. આ અહમિન્દ્રો ઉત્કૃષ્ટ પુણ્યના ધારક અને સમ્યગ્દષ્ટિ ધર્માત્મા હોય છે. વળી તેઓ એકાવતારી હોય છે એટલે કે અહમિન્દ્રનો ભવ પૂરો કરીને મનુષ્ય થઈને મોક્ષે જનારા હોય છે. આ અહમિન્દ્રોને કોઈ શારીરિક માનસિક વગેરે પ્રકારના દુઃખો નથી. તેઓ પોતાના સ્વાભાવિક અતીન્દ્રિય આત્મિક સુખનો ભોગવટો કરનારા છે. તોપણ તેમનો ઉપયોગ બહારમાં હોય છે ત્યારે ઉંચા પ્રકારનો શુભભાવ હોવા છતાં તેઓ અસ્થિરતાજન્ય દુઃખ અનુભવે છે. અહમિન્દ્રના આવા અસ્થિરતાજન્ય દુઃખનું સ્વરૂપ સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્રના આધારે આપવામાં આવે છે.

## અહમિન્દ્રના અસ્થિરતાજન્ય દુઃખ




(છંદ : હરિગીતિકા)

યોં ચિન્ત્ય નિજ મેં થિર ભયે, તિન અકથ જો આનન્દ લહ્યો ।
સો ઇન્દ્ર નાગ નરેન્દ્ર વા, અહમેન્દ્ર કૌ નાહીં કહ્યો ॥

(Printed in Devanagari:)
यों चिन्त्य निज में थिर भये, तिन अकथ जो आनन्द लह्यो ।
सो इन्द्र नाग नरेन्द्र वा, अहमेन्द्र कौं नाहीं कह्यो ॥

**ભાવાર્થ : સ્વરૂપાચરણ ચારિત્રની સ્વાત્માનુભૂતિની નિર્વિકલ્પદશામાં પોતાના સ્વરૂપમાં સ્થિર થતાં જે અકથ્ય એટલે કે કહી ન શકાય તેવું વચનાતીત સુખ હોય છે તે સુખ સવિકલ્પદશામાં નરેન્દ્ર, નાગેન્દ્ર, સુરેન્દ્ર કે અહમિન્દ્રને પણ હોતું નથી.** (પં. દોલતરામકૃત છ ઢાળા : ઢાળ ૬ : ગાથા ૧૧નો પૂર્વાર્ધ)




જ્ઞાની ધર્માત્માને સ્વાત્માનુભૂતિની નિર્વિકલ્પદશામાં જે સ્વરૂપમાં સ્થિરતા છે તે જ તેના અતીન્દ્રિય આત્મિક સુખનું કારણ છે. આ સુખ સિદ્ધ ભગવાનના સુખ જેવું અનુપમ, અચિંત્ય, અલૌકિક અને અકથ્ય છે. જ્ઞાનીને તે સુખ સવિકલ્પદશામાં હોતું નથી. અહમિન્દ્રો જ્ઞાની હોય તોપણ મુખ્યત્વે સવિકલ્પદશા ધરાવતા હોવાથી સુખી નથી. લૌકિક દષ્ટિએ સંસારમાં સૌથી વધુ સુખી અહમિન્દ્રો કહેવાય છે પણ પરમાર્થ દષ્ટિએ તેઓ સુખી નથી.

સંસારમાં નરેન્દ્ર (ચક્રવર્તી)ના સુખથી અસુરેન્દ્ર(નાગેન્દ્ર)નું સુખ તેનાં કરતાંય અનંતગણું છે. અસુરેન્દ્ર કરતાં સુરેન્દ્ર (કલ્પવાસી વૈમાનિક દેવના ઇન્દ્ર)નું સુખ અનંતગણું છે. સુરેન્દ્ર કરતાંય અનંત સુખના અધિકારી અહમિન્દ્ર (કલ્પાતીત વૈમાનિક દેવ) છે. કામપીડાથી રહિત આ અહમિન્દ્રોને શુભકર્મના ઉદયથી જે બાધા રહિત સુખ મળે છે તે જગતના મૈથુન સહિતના સુખથી અનંતગણું છે. જગતનું એકાંત અને શાંતિરૂપ સઘળું સુખ આ અહમિન્દ્રોમાં આવી મળેલું જણાય છે. તોપણ સિદ્ધના સુખ પાસે તેની કોઈ ગણત્રી નથી. અહમિન્દ્રોમાંય સૌથી ઊંચા પ્રકારના સર્વાર્થસિદ્ધિ વિમાનના અહમિન્દ્રો છે. સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્રો ઉત્કૃષ્ટ પુણ્યના ભોગવનારા છે. અનેક પ્રકારની ઋદ્ધિઓના ધારક છે. 'આધિ-વ્યાધિ-ઉપાધિથી રહિત છે અને એકાવતારી છે. આ અહમિન્દ્રો પૂર્વના ભવમાં વીતરાગ જિનલિંગધારી ભાવલિંગી મુનિ હોય છે અને હવે પછીના ભવમાં પણ નિયમથી મનુષ્યમાં અવતરી ભાવલિંગી મુનિ થઈ કેવળજ્ઞાન પ્રગટાવી મોક્ષે જવાના છે. આવા સમ્યગ્દષ્ટિ ધર્માત્મા અહમિન્દ્રોને દુઃખ હોય શકે ? પણ ભાઈ ! સંસારના દરેક પ્રાણી– પછી ભલે તે નરેન્દ્ર, નાગેન્દ્ર, સુરેન્દ્ર કે અહમિન્દ્ર હોય–દુઃખી જ હોય છે. જિનેન્દ્રદેવે આકુળતા રહિત વૃત્તિને સુખ કહ્યું છે. અહમિન્દ્રોમાં આવી આકુળતા ઘણી અલ્પ છે તોપણ તેનો અભાવ તો નથી જ. સર્વાર્થસિદ્ધિના સમ્યગ્દષ્ટિ અહમિન્દ્રને પણ જેટલો પરાશ્રય છે, શુભરાગ છે, આત્મા સંબંધીનો તત્ત્વવિચારનો સૂક્ષ્મ વિકલ્પ છે તે પણ તેમના દુઃખને જ બતાવે છે. સામાન્યજન માટે આ બાબત સમજવી અત્યંત મુશ્કેલ છે. તેથી તેની અહીં વિસ્તૃત ચર્ચા અપેક્ષિત છે.

આત્મા સ્વયં સુખ સ્વભાવી છે તેને પોતાના સુખ માટે કોઈ પરની અપેક્ષા નથી. પોતાના સ્વભાવમાં સ્થિતિ, સ્વસમયની પ્રવૃત્તિ, સ્વરૂપમાં લીનતા કે સ્વચારિત્ર છે તે જ સુખ છે. એટલે કે, નિર્વિકલ્પ સ્વાનુભૂતિ જ સુખાનુભૂતિ છે. અને તેનાથી ઊલટું પરભાવમાં સ્થિતિ, પરસમયની પ્રવૃત્તિ, પરપદાર્થમાં લીનતા કે પરચારિત્ર છે તે જ દુઃખ છે. એટલે કે, સવિકલ્પ પરાનુભૂતિ જ દુઃખાનુભૂતિ છે.

છદ્મસ્થજીવનો ઉપયોગ એક સમયે એક જ જગ્યાએ કામ કરે છે. તે ઉપયોગ પરચારિત્રની સવિકલ્પદશામાં પરપ્રકાશક પરાનુભૂતિપણે બહારમાં અને સ્વચારિત્રની નિર્વિકલ્પદશામાં સ્વપ્રકાશક સ્વાનુભૂતિપણે અંદરમાં કામ કરતો હોય છે. આમ આત્માના ઉપયોગના આધારે પણ તેનું સુખ કે દુઃખ સમજી શકાય છે.

જ્ઞાનીને નિર્વિકલ્પદશામાં જ આત્મિક સુખ હોય છે અને સવિકલ્પદશામાં હોતું નથી તેમ જણાવતા સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેન કહે છે—

*"જ્ઞાનીને સવિકલ્પદશામાં તેનો આત્મા તેની હથેળીમાં જ છે. સવિકલ્પદશામાં પણ ભેદજ્ઞાનની ધારા સતત ચાલુ જ છે. તેની જ્ઞાતૃત્વપરિણતિ પોતાનું કામ કરે જ છે. તે સહજ એકત્વબુદ્ધિએ કોઇ વિકલ્પમાં જોડાતો નથી. વિકલ્પ સમયે પણ તે વિકલ્પથી જુદો જ તરતો રહે છે. તેનો પંથ જગતથી ન્યારો છે. તેની લાઇન દોરી ફરી ગઇ છે. તેને પોતાનો આત્મા જ ઊર્ધ્વ છે. તેની દષ્ટિ તેના ચૈતન્યના તળ ઉપર સ્થપાયેલી જ છે. પતંગ આકાશમાં ઊડાડે પણ દોર હાથમાં હોય તેમ દષ્ટિનો દોર ચૈત્યના તળ ઉપર સ્થપાયેલો હોય છે, પછી ભલે ઉપયોગ બહારમાં હોય. ઉપયોગ બહાર હોય એવી સવિકલ્પદશામાં જેટલા કષાયનો અભાવ છે તેટલી શાંતિ છે, સમતા છે, સમાધિ છે; તોપણ નિર્વિકલ્પદશામાં જે પરિણતિની સ્થિરતા છે, સિદ્ધ ભગવાનની જાતનું સુખ છે, આત્માનો અપૂર્વ આહ્લાદ છે, અતીન્દ્રિય આનંદ છે; તે સવિકલ્પદશામાં નથી.*



*નિર્વિકલ્પ સ્વાનુભૂતિકાળે અનંત ગુણ સાગર આત્મા પોતાના આનંદાદિ ગુણોની ચમત્કારિક સ્વાભાવિક પર્યાયોમાં રમતો પ્રગટ થાય છે. નિર્વિકલ્પ સ્વાનુભૂતિની દશામાં આનંદ ગુણની આશ્ચર્યકારી પર્યાય પ્રગટ થતાં આત્માના બધા ગુણોનું યથાસંભવ આંશિક શુદ્ધ પરિણમન પ્રગટ થાય છે અને તેનું વેદન થાય છે. તે સમયના આનંદનો કોઇ જગતના— વિભાવના— આનંદ સાથે, બહારની કોઇ વસ્તુ સાથે મેળ નથી. જેને અનુભવમાં આવે છે તે જાણે છે. તેને કોઇ ઉપમા લાગુ પડતી નથી એવો અનુપમ, અચિંત્ય, અદ્ભુત તેનો મહિમા છે. તે નિર્વિકલ્પદશા અદ્ભુત છે, વચનાતીત છે, તે દશા પ્રગટતા આખું જીવન પલટો ખાય છે."* (બહેનશ્રી વચનામૃત નં. ૧૮૯, ૪૨૭, ૪૩૧ અને તત્ત્વચર્ચા તારીખ ૧૮-૧-૮૪ અને અન્ય તત્ત્વચર્ચાના આધારે)

આત્મિક સુખનો આધાર ઉપયોગની સ્થિરતા પર છે. ઉપયોગની સ્થિરતા નિર્વિકલ્પ સ્વાનુભૂતિમાં જ હોય છે. તેથી આત્મિક સુખ નિર્વિકલ્પદશામાં જ હોય છે અને સવિકલ્પદશામાં હોતું નથી. સવિકલ્પદશા પરચારિત્રરૂપ હોવાથી તે સ્વભાવ પ્રત્યેના ઘાતરૂપ એટલે કે સ્વભાવપ્રતિઘાતરૂપ છે. સ્વભાવપ્રતિઘાતના કારણે ઉપયોગની અસ્થિરતા, આકુળતા અને દુઃખ હોય છે. તેથી આ સ્વભાવપ્રતિઘાતનો અભાવ જ અનાકુળતા લક્ષણ સુખનું કારણ છે.

સ્વભાવપ્રતિઘાતનો સંપૂર્ણ અભાવ અને તેથી ઉપયોગની સંપૂર્ણ સ્થિરતા તો માત્ર કેવળજ્ઞાનમાં જ હોય છે. તેથી કેવળી ભગવાનને જ પરિપૂર્ણ આત્મિક અતીન્દ્રિય અનંત સુખની ઉપલબ્ધિ હોય છે. તોપણ જ્ઞાનીને નિર્વિકલ્પ સ્વાનુભૂતિમાં જેટલા પ્રકારે સ્વભાવપ્રતિઘાતનો અભાવ અને તેથી થતી ઉપયોગની સ્થિરતા હોય તેટલા પ્રકારે આત્મિક અતીન્દ્રિય સુખની આંશિક ઉપલબ્ધિ હોય છે. તેથી નિર્વિકલ્પ સ્વાનુભૂતિમાં જેટલે અંશે સ્વભાવપ્રતિઘાતનો અભાવ અને તેના કારણે થતી ઉપયોગની સ્થિરતા હોય તેટલે અંશે અનાકૂળતા લક્ષણ પારમાર્થિક સુખની ઉપલબ્ધિ હોય છે.



પાંચ પાંડવ મુનિ ભગવંતોને જીવતા સળગાવી નાખવાનો ઉપસર્ગ થયો ત્યારે ઉપસર્ગવાળી દશામાં સંપૂર્ણ વિકલ્પને ટાળીને યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન એ ત્રણ વડીલબંધુઓ મોક્ષે ગયા અને બાકીના બે સહદેવ અને નકુલ મુનિની ભૂમિકાને અયોગ્ય ન હોય તેવા પોતાના વડીલબંધુ પ્રત[illegible] ટાળી ન શકવાના કારણે સર્વાર્થ[illegible] આ અહમિન્દ્ર ખરેખર તો તે સૂક્ષ્મ વિકલ્પના ફળમાં ૩૩ સાગરનો જેલવાસ ભોગવી રહ્યા છે. અગાઉ ભવમાં જે ભાવલિંગી મુનિ હતા અને હવે પછીના ભવમાં મનુષ્ય થઇને ભાવલિંગી મુનિ થઇને કેવળજ્ઞાન પ્રગટાવી મોક્ષે જવાના છે પણ વચલાકાળમાં જ્યાં સુધી અહમિન્દ્રપણું છે ત્યાં સુધી સવિકલ્પદશાની મુખ્યતા હોવાથી અસ્થિરતાજન્ય દુઃખને જ ભોગવી રહ્યા છે.

## અસ્થિરતા કોને કહે છે ?

**પોતાના ઉપયોગની ચંચળતાને અસ્થિરતા કહે છે.**

જગતનો દરેક પદાર્થ અને પોતાનો આત્મા અનેકાંતસ્વરૂપે છે. અનેકાંતસ્વરૂપી પદાર્થ કાયમ ટકીને કાયમ પરિણમે




છે. આત્માના એક પછી એક થતા ક્રમિક ક્ષણવર્તી પરિણામ કે પર્યાયને ઉપયોગ કહે છે. આ ઉપયોગમાં આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ સમાયેલા છે. પોતાના પરિણામ કે ઉપયોગનું આશ્રયસ્થાન કે આધારબિંદુ પોતાનો ત્રિકાળી કાયમ ટકતો દ્રવ્યસ્વભાવ હોય છે.આ દ્રવ્યસ્વભાવ શુદ્ધ, સામાન્ય,એકરૂપ કે એકવિધ હોય છે.આ દ્રવ્યસ્વભાવના સ્વાશ્રયે પોતાના ઉપયોગમાં પોતાના દ્રવ્યસ્વભાવ જેવી શુદ્ધતા, સામાન્યતા, એકરૂપતા કે એકવિધતા હોય છે. જેને પોતાના ઉપયોગની સ્થિરતા કહે છે.

સ્વાશ્રયે ઉત્પન્ન થતી ઉપયોગની સ્થિરતાના કારણે પોતાના એક પછી એક થતા ક્રમવર્તી પરિણામ એક સરખા કે સદશ હોય છે. પોતાના દ્રવ્યસ્વભાવથી "ચ્યુત થઈને બહારમાં પૌદ્‌ગલિક કર્મ અને નોકર્મના પરાશ્રયે ઉત્પન્ન થતી પોતાના ઉપયોગની અસ્થિરતાના કારણે પોતાના ક્રમવર્તી પરિણામમાં વિસદશતા હોય છે. તેથી દ્રવ્યસ્વભાવથી વિરુદ્ધ વિચિત્રતા, અનેકરૂપતા કે વિવિધતા હોય છે.

ઉપરોક્ત પ્રકારે સ્વાશ્રયે સ્થિરતા અને પરાશ્રયે અસ્થિરતા હોય છે.

**પ્રશ્ન** : શા માટે સ્વાશ્રયે સ્થિરતા અને પરાશ્રયે અસ્થિરતા હોય છે ?

**ઉત્તર** : પોતાના ઉપયોગનો આધાર કે આશ્રય પોતાનો ત્રિકાળી સામાન્ય દ્રવ્યસ્વભાવ છે. આ સ્વભાવ સ્થિર અને એકરૂપ છે. તેથી આ સ્વભાવના સ્વાશ્રયે ઉત્પન્ન થતા ઉપયોગમાં પણ સ્થિરતા અને એકરૂપતા હોય છે. પોતાના સ્વભાવને ચૂકીને બહારમાં બીજે ક્યાંય પણ પોતાનો ઉપયોગ પ્રવર્તે તો તેને કોઈ આધાર કે આશ્રય ન હોવાથી તે સતત જૂદાં જૂદાં પ્રકારે બદલાયા કરે છે અને ચારેકોર ઘૂમરાયા કરે છે. તેથી પોતાના ત્રિકાળ સામાન્ય દ્રવ્યસ્વભાવ સિવાયના પરાશ્રયે ઉત્પન્ન થતા ઉપયોગમાં અસ્થિરતા અને અનેકરૂપતા હોય છે.




જેમ કોઈ મધદરિયે સફર કરતા વહાણનું પંખી તે વહાણના કૂવાથંભ ઉપર રહે તો તેને વિસામો અને સ્થિરતા હોય છે પણ તે પોતાના આશ્રય સ્થાન કૂવાથંભને છોડીને બહાર જાય તો બહારમાં કોઈ વહાણ, ટાપુ, વૃક્ષ કે અન્ય કોઈ આશ્રય સ્થાન ન હોવાથી તેને સતત ઉડવું જ પડે છે. તેથી તેને અવિશ્રામ અને અસ્થિરતા જ હોય છે. તેમ કોઈ સંસાર સમુદ્રમાંથી મોક્ષમાર્ગે ગમન કરતા પંખીરૂપ જીવ વહાણના કૂવાથંભ સમાન પોતાના ત્રિકાળી સામાન્ય દ્રવ્ય સ્વભાવમાં સ્થિત રહે તો તેને વિસામો અને સ્થિરતા હોય છે. પણ તે જીવ પોતાના આશ્રય સ્થાન એવા દ્રવ્યસ્વભાવને છોડીને બહાર જાય તો બહારમાં અન્ય કોઈ આશ્રય સ્થાન ન હોવાથી તેને સતત ફરવું પડે છે. તેથી તેને અવિશ્રામ અને અસ્થિરતા જ હોય છે.

ઉપરોક્ત સમજૂતી મુજબ સ્વાશ્રયે સ્થિરતા અને પરાશ્રયે અસ્થિરતા હોય છે.

## અસ્થિરતાજન્ય દુઃખ કોને કહે છે ?

**પોતાના ઉપયોગની અસ્થિરતાના કારણે થતી આકૂળતાને અસ્થિરતાજન્ય દુઃખ કહે છે.**

અજ્ઞાનીનો ઉપયોગ કાયમ માટે બહાર જ ભટકતો રહેતો હોવાથી અસ્થિર હોય છે. જ્ઞાનીનો ઉપયોગ નિર્વિકલ્પ સ્વાનુભૂતિ સમયે સ્થિર અને સવિકલ્પ પરાનુભૂતિ સમયે અસ્થિર હોય છે. ઉપયોગની સ્થિરતાને શુદ્ધોપયોગ અને ઉપયોગની અસ્થિરતાને અશુદ્ધોપયોગ કહે છે. ઉપયોગની સ્થિરતારૂપ શુદ્ધોપયોગ વીતરાગ સ્વચારિત્ર અને અતીન્દ્રિય જ્ઞાનરૂપ હોવાથી નિરાકુળ અને સુખરૂપ છે અને ઉપયોગની અસ્થિરતારૂપ અશુદ્ધોપયોગ સરાગ પરચારિત્ર અને ઈન્દ્રિય જ્ઞાનરૂપ હોવાથી આકુળ અને દુઃખરૂપ છે. આમ ઉપયોગની અસ્થિરતા દુઃખરૂપ અને સ્થિરતા સુખરૂપ હોય છે.

**પ્રશ્ન** : શા માટે અસ્થિરતા દુઃખરૂપ અને સ્થિરતા સુખરૂપ હોય છે ?

**ઉત્તર** : અસ્થિરતા પરચારિત્રના કારણે હોય છે. પરચારિત્રના કારણે સ્વભાવપ્રતિઘાતનો સદ્‌ભાવ અને અવગુણની ઉત્પત્તિ હોય છે. તેથી આત્માની આકૂળતા હોવાથી તે દુઃખરૂપ છે. સ્થિરતા સ્વચારિત્રના કારણે હોય છે. સ્વચારિત્રના કારણે સ્વભાવપ્રતિઘાતનો અભાવ અને સદ્‌ગુણની ઉત્પત્તિ હોય છે. તેથી આત્માની નિરાકૂળતા હોવાથી તે સુખરૂપ છે.

વળી અસ્થિરતા સમયે ઇન્દ્રિય જ્ઞાન હોય છે. ઇન્દ્રિય જ્ઞાન અત્યંત આકૂળ હોવાથી દુઃખરૂપ છે. સ્થિરતા સમયે અતીન્દ્રિય જ્ઞાન હોય છે. અતીન્દ્રિય જ્ઞાન અત્યંત નિરાકૂળ હોવાથી સુખરૂપ છે.

ઉપર મુજબ અસ્થિરતા દુઃખરૂપ અને સ્થિરતા સુખરૂપ છે જ્ઞાનીને સવિકલ્પદશામાં અસ્થિરતા અને તેનું દુઃખ હોય છે. સવિકલ્પદશાની અસ્થિરતાનું કારણ ઇન્દ્રિજ્ઞાન અને પરચારિત્ર હોવાથી અસ્થિરતાજન્ય દુઃખનું કારણ મુખ્યત્વે બે પ્રકારે છે—

**૧. ઇન્દ્રિયજ્ઞાન અને ૨. પરચારિત્ર.**

## ૧. ઇન્દ્રિયજ્ઞાન

(હરિગીત)

*અર્થોનું જ્ઞાન અમૂર્ત, મૂર્ત, અતીન્દ્રિ ને ઐન્દ્રિય છે,*
*છે સુખ પણ એવું જ, ત્યાં પરધાન જે તે ગ્રાહ્ય છે.*



**ભાવાર્થ : પદાર્થો સંબંધી જ્ઞાન અમૂર્ત આત્મા વડે પ્રત્યક્ષ પ્રવર્તતું એવું અતીન્દ્રિય અને મૂર્ત ઇન્દ્રિયો વડે પરોક્ષ પ્રવર્તતું એવું ઇન્દ્રિય—એમ બે પ્રકારે હોય છે. અતીન્દ્રિય જ્ઞાન સાથે સંબંધિત અતીન્દ્રિયસુખ અને ઇન્દ્રિય જ્ઞાન સાથે સંબંધિત ઇન્દ્રિય સુખ હોય છે. તેમાં અતીન્દ્રિય જ્ઞાન અને તેની સાથે સંબંધિત અતીન્દ્રિય સુખ પ્રધાન હોવાથી ગ્રાહ્ય જાણવું.** (પ્રવચનસાર : ગાથા ૫૩)

જ્ઞાન અને સુખનું અભિન્નપણું છે. તેથી જ્યાં જ્ઞાન છે ત્યાં સુખ છે અને જ્યાં જ્ઞાન નથી ત્યાં સુખ નથી. જ્ઞાન બે પ્રકારનું છે— **૧. અતીન્દ્રિયજ્ઞાન** અને **૨. ઇન્દ્રિય જ્ઞાન.**

ઇન્દ્રિયોના સંબંધ વગરનું સીધું આત્મપ્રદેશોથી પ્રવર્તતું જ્ઞાન અતીન્દ્રિય છે. તેથી અતીન્દ્રિયજ્ઞાન પ્રત્યક્ષ છે. ઇન્દ્રિયોના સંબંધ વડે અન્યની સહાયથી પ્રવર્તતું જ્ઞાન ઇન્દ્રિય છે. તેથી ઇન્દ્રિયજ્ઞાન પરોક્ષ છે. જેવું જ્ઞાન હોય તેવું સુખ હોય છે. અતીન્દ્રિયજ્ઞાન સાથે સંબંધિત અતીન્દ્રિય સુખ અને ઇન્દ્રિયજ્ઞાન સાથે સંબંધિત ઇન્દ્રિય સુખ હોય છે. તેમાં અતીન્દ્રિયજ્ઞાન પ્રત્યક્ષ, ઉત્કૃષ્ટ અને અર્થકારી હોવાથી પ્રમુખ છે. પ્રમુખ હોવાથી ગ્રાહ્ય એટલે કે ઉપાદેય છે. તેથી તેની સાથે સંકળાયેલ અતીન્દ્રિયસુખ પણ ઉપાદેય છે. ઇન્દ્રિયજ્ઞાન પરોક્ષ, નિકૃષ્ટ અને અનર્થકારી હોવાથી ગૌણ છે. ગૌણ હોવાથી અગ્રાહ્ય એટલે કે હેય છે. તેથી તેની સાથે સંકળાયેલ ઇન્દ્રિય સુખ પણ હેય છે.

જ્ઞાની ધર્માત્માને નિર્વિકલ્પદશાની પરિણતિ સમયે અતીન્દ્રિય જ્ઞાન અને તેની સાથે સંકળાયેલ અતીન્દ્રિય સુખ હોય છે. આ જ જ્ઞાનીનો ઉપયોગ બહાર હોય ત્યારે સવિકલ્પદશાની પરિણતિ સમયે ઇન્દ્રિયજ્ઞાન હોવાથી તે સમયે આત્મિક અતીન્દ્રિય સુખ હોતું નથી. આનું કારણ જ્ઞાન અને સુખનું અભિન્નપણું છે.

**પ્રશ્ન : શા માટે જ્ઞાન અને સુખનું અભિન્નપણું છે ?**

**ઉત્તર :** આત્માના અનંતગુણો પૈકી માત્ર જ્ઞાન અને તેની સાથે સંબંધિત સુખ એ બે જ ગુણો વેદનભૂત છે. આબાળગોપાલ સૌને સદાકાળ પોતાના જ્ઞાનનો અનુભવ હોય છે. રાગમિશ્રિત જ્ઞાનનો અનુભવ દુઃખરૂપ હોય છે. રાગમિશ્રિત જ્ઞાનમાંથી પોતાના જ્ઞાનને જુદું પાડી એકલા જ્ઞાનનો અનુભવ કરવો એ જ પોતાના આત્માનો અનુભવ છે અને આવો અનુભવ સુખરૂપ હોય છે. આ રીતે જે પ્રકારે જ્ઞાનનું વેદન હોય તે પ્રકારે દુઃખ કે સુખનું વેદન હોય છે. જ્ઞાન સાથે સુખનું વેદન અભિન્ન હોવાથી જ્ઞાન અને સુખનું અભિન્નપણું છે.

જ્ઞાનનું લક્ષણ જાણવું-દેખવું છે અને સુખનું લક્ષણ અનાકૂળતા છે. સુખની વિપરીત દશા તે દુઃખ છે અને તેનું લક્ષણ આકૂળતા છે. આ અનાકૂળતા એ જ સુખ અને આકૂળતા એ જ દુઃખ છે. જ્ઞાનમય ઉપયોગની સ્થિરતા એ જ અનાકૂળતા અને તેની અસ્થિરતા એ જ આકૂળતા છે. તેથી જ્ઞાનમય ઉપયોગની સ્થિરતા કે અસ્થિરતાના આધારે સુખ કે દુઃખ હોય છે. જ્ઞાન વિના સુખ કે દુઃખ સંભવતું નથી. જેનામાં જ્ઞાન નથી તેવા જડ પદાર્થમાં સુખ કે દુઃખ હોતું નથી. તેથી આ રીતે પણ જ્ઞાન અને સુખનું અભિન્નપણું છે. આ જ્ઞાન અને તેની સાથે સંબંધિત સુખ બે પ્રકારે છે.

**પ્રશ્ન : જ્ઞાન અને તેની સાથે સંબંધિત સુખ ક્યા બે પ્રકારે છે ? અને કેવું છે ?**

**ઉત્તર :** જ્ઞાન બે પ્રકારે છે— અતીન્દ્રિય અને ઇન્દ્રિય. તેથી જ્ઞાન સાથે સંકળાયેલું જ્ઞાનથી અભિન્ન એવું સુખ પણ બે પ્રકારે છે— અતીન્દ્રિય અને ઇન્દ્રિય. અતીન્દ્રિયજ્ઞાન પ્રત્યક્ષ છે અને તેથી તે અનાકૂળ છે. અતીન્દ્રિયજ્ઞાન અનાકૂળ હોવાથી તેની સાથે સંબંધિત અતીન્દ્રિયસુખ પણ અનાકૂળ છે. અતીન્દ્રિય સુખ અનાકૂળ હોવાથી તે પરમાર્થે અનાકૂળતા લક્ષણવાળું સુખ છે. ઇન્દ્રિયજ્ઞાન પરોક્ષ છે અને તેથી તે આકૂળ છે. ઇન્દ્રિયજ્ઞાન આકૂળ હોવાથી તેની

સાથે સંબંધિત ઇન્દ્રિયસુખ પણ આકૂળ છે. ઇન્દ્રિયસુખ આકૂળ હોવાની તે આકૂળતા લક્ષણવાળું દુઃખ છે.

સાધક દશા ધરાવતા ''**છદ્મસ્થ** જ્ઞાનીને નિર્વિકલ્પદશા સમયનું જ્ઞાન અતીન્દ્રિય હોવાથી સુખરૂપ છે અને સવિકલ્પદશા સમયનું જ્ઞાન ઇન્દ્રિય હોવાથી દુઃખરૂપ છે.

**પ્રશ્ન** : જ્ઞાનીની સવિકલ્પ-નિર્વિકલ્પદશા શું છે? શા માટે સવિકલ્પદશાનું જ્ઞાન ઇન્દ્રિય અને નિર્વિકલ્પદશાનું જ્ઞાન અતીન્દ્રિય હોય છે ?

**ઉત્તર** : જ્ઞાનીનો પુરુષાર્થ મંદ હોય ત્યારે પોતાનો ઉપયોગ પોતાના શુદ્ધ સ્વરૂપમાં ટકી શકતો નથી. તેથી તે શુદ્ધ સ્વરૂપમાંથી ચ્યૂત થઇને બહારમા આવે ત્યારે કર્માધીનપણે પરાશ્રિત હોય છે. આવી કર્માધીન પરાશ્રિત દશાને સવિકલ્પ દશા કહે છે. સવિકલ્પદશામાં વિકલ્પ એટલે કે રાગનો સદ્ભાવ હોય છે. પરાશ્રિત સરાગ એવી સવિકલ્પદશામાં પરનુ અવલંબન કે આશ્રય હોવાથી તે પરચારિત્રરૂપ છે. છદ્મસ્થનું જ્ઞાન ચારિત્રને અનુસરીને પ્રવર્તતુ હોવાથી પરચારિત્રની સવિકલ્પદશા સમયે પરાનુભૂતિરૂપ પરપ્રકાશકપણે હોય છે. સવિકલ્પદશાનું આ જ્ઞાન પરસંબંધીનું પરપ્રકાશપણે હોવાથી પરોક્ષ અને ઇન્દ્રિય હોય છે. જ્ઞાનીની સવિકલ્પદશાનું આવું પરપ્રકાશકજ્ઞાન મતિ, શ્રુત, અવધિ કે મનઃપર્યયજ્ઞાનપણે હોય છે.




હવે આ જ જ્ઞાનીનો પુરુષાર્થ પ્રબળ હોય ત્યારે પોતાનો ઉપયોગ પોતાના શુદ્ધ સ્વરૂપમાં ટકી રહે છે. ત્યારે તે શુદ્ધ સ્વરૂપમાં સ્થિત રહીને અંદરમાં આત્માધીનપણે સ્વાશ્રિત રહે છે. આવી આત્માધીન સ્વાશ્રિતદશાને નિર્વિકલ્પદશા કહે છે. નિર્વિકલ્પદશામાં વિકલ્પ એટલે કે રાગનો અભાવ હોય છે. સ્વાશ્રિત વીતરાગ એવી નિર્વિકલ્પદશામાં સ્વનું અવલંબન કે આશ્રય હોવાથી તે સ્વચારિત્રરૂપ છે. છદ્મસ્થનું જ્ઞાન ચારિત્રને અનુસરીને પ્રર્વતનું હોવાથી સ્વચારિત્રની નિર્વિકલ્પદશા સમયે સ્વાનુભૂતિરૂપ સ્વપ્રકાશકપણે હોય છે. નિર્વિકલ્પદશાનું આ જ્ઞાન સ્વસંબંધીનું સ્વપ્રકાશકપણે હોવાથી પ્રત્યક્ષ અને અતીન્દ્રિય હોય છે. જ્ઞાનીની નિર્વિકલ્પદશાનું આવું જ્ઞાન ભાવશ્રુતપ્રમાણપણે હોય છે.

**પ્રશ્ન** : જ્ઞાનીનું ભાવશ્રુતપ્રમાણજ્ઞાન શું છે ?

**ઉત્તર : સમગ્ર વસ્તુસ્વરૂપના સાચા જ્ઞાનને પ્રમાણજ્ઞાન કહે છે. જ્ઞાનીના પોતાના આત્મા સંબંધીના પ્રમાણજ્ઞાનને ભાવશ્રુતપ્રમાણજ્ઞાન કહે છે.**

પ્રમાણજ્ઞાન ''*સંશય*, ''*વિપર્યય* અને ''*અનધ્યવસાય* જેવા જ્ઞાનસંબંધી દોષો વિનાનું હોય છે. પ્રમાણજ્ઞાનમાં દ્રવ્ય-પર્યાયાત્મક આત્માના સર્વાંગી સ્વરૂપને અક્રમે અને યુગપત જાણવામાં આવતું હોવાથી તે વિકલ્પાત્મક નથી પણ નિર્વિકલ્પ છે. નિર્વિકલ્પદશાના પ્રમાણ જ્ઞાનમાં દ્રવ્ય-પર્યાયાત્મક સમગ્ર આત્માને એક સાથે જાણવામાં આવતું હોવા છતાં તેનું જોર અને મહત્વ દ્રવ્યસ્વભાવ ઉપર હોય છે. આવા આત્માને જાણનારૂં શ્રુતજ્ઞાન હોય છે. શ્રુતજ્ઞાનનો વિષય અમૂર્ત આત્મા પણ છે.

જ્ઞાનીના આત્માનુભવમાં પ્રવર્તતું શ્રુતજ્ઞાન ભાવશ્રુતજ્ઞાન કહેવાય છે. અહીં આત્મસંબંધી હોય તે જ્ઞાનને ભાવજ્ઞાન કહે છે. તેથી આત્મસંબંધી શ્રુતજ્ઞાનને ભાવશ્રુતજ્ઞાન કહે છે. આ ભાવશ્રુતજ્ઞાનમાં સમગ્ર આત્મ દ્રવ્યનું સર્વાંગીણ સાચું જ્ઞાન હોવાથી તેને ભાવશ્રુતપ્રમાણજ્ઞાન કહે છે. જ્ઞાનીનું નિર્વિકલ્પદશા સમયનું આવું જ્ઞાન તે ભાવશ્રુતપ્રમાણજ્ઞાન છે. તે પ્રત્યક્ષ અને અતીન્દ્રિય હોય છે.

**પ્રશ્ન** : જ્ઞાનીનું નિર્વિકલ્પદશા સમયનું ભાવશ્રુતપ્રમાણજ્ઞાન કઇ રીતે પ્રત્યક્ષ અને અતીન્દ્રિય છે ?

**ઉત્તર : જે જ્ઞાન સીધું આત્મા વડે કોઇની સહાય વિના પ્રવર્તે તેને પ્રત્યક્ષ અને અતીન્દ્રિય કહેવાય.**

ખરેખર તો સર્વજ્ઞ ભગવાનનું કેવળજ્ઞાન જ પ્રત્યક્ષ અને અતીન્દ્રિય હોય છે. તોપણ સાધકદશા ધરાવતા છદ્મસ્થજ્ઞાનીનું નિર્વિકલ્પદશા સમયનું ભાવશ્રુત-પ્રમાણજ્ઞાન પણ અમુક અપેક્ષાએ તેમ જ અમુક અંશે પ્રત્યક્ષ અને અતીન્દ્રિય કહેવાય છે. ભાવશ્રુત-પ્રમાણજ્ઞાન અમુક અંશે પ્રત્યક્ષ અને અતીન્દ્રિય હોવાથી કેવળીભગવાન જેવું અતીન્દ્રિયસુખ પણ અમુક અંશે હોય છે.

જ્ઞાનીના નિર્વિકલ્પદશા સમયના ભાવશ્રુતપ્રમાણ-

જ્ઞાનને પ્રત્યક્ષ કહેવાના કારણો નીચે પ્રમાણે છે —

૧. ભાવશ્રુતપ્રમાણજ્ઞાન સ્પષ્ટ અને સત્ય હોવાથી પ્રત્યક્ષ છે.

૨. ભાવશ્રુતપ્રમાણજ્ઞાન નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિરૂપ હોવાથી પ્રત્યક્ષ છે.

૩. અપવાદ કથનથી ભાવશ્રુતપ્રમાણ જ્ઞાનને પ્રત્યક્ષ કહી શકાય છે.

**૧. ભાવશ્રુતપ્રમાણજ્ઞાન સ્પષ્ટ અને સત્ય હોવાથી પ્રત્યક્ષ છે**

જે જ્ઞાન સ્પષ્ટ અને સત્ય હોય તેને પ્રત્યક્ષ કહે છે. ભાવશ્રુતપ્રમાણજ્ઞાન સ્પષ્ટ અને સત્ય હોય છે. તેથી તે પ્રત્યક્ષ છે.

સામાન્ય-વિશેષાત્મક વસ્તુસ્વરૂપના સર્વાંગી જ્ઞાનને પ્રમાણજ્ઞાન કહે છે. સાધકદશામાં જ્ઞાનીને આવું પ્રમાણજ્ઞાન શ્રુતજ્ઞાન વડે હોય છે, તેને ભાવશ્રુતપ્રમાણજ્ઞાન કહે છે. આ ભાવશ્રુતપ્રમાણજ્ઞાન સ્પષ્ટ અને સત્ય હોવાથી પ્રત્યક્ષ છે. તે આ રીતે—

ભાવશ્રુતપ્રમાણજ્ઞાન ઇન્દ્રિયો અને મનના સમૂહથી ઉત્પન્ન થતા વિકલ્પોના સમૂહથી રહિત હોવાના કારણે નિર્વિકલ્પ છે. તે શુદ્ધાત્માની અનુભૂતિરૂપ હોવાથી "સુખસંવિત્તિ સ્વરૂપ છે. તેથી તેમાં પોતાના આત્માનો સ્વપ્રકાશકપણે સ્વસંવેદનાત્મક સ્પષ્ટ પ્રતિભાસ છે. આત્માને સ્પષ્ટપણે જાણતું અને અનુભવતું હોવાથી આ જ્ઞાનને 'આત્મજ્ઞાન' તરીકે પણ ઓળખવામાં આવે છે. સ્વાનુભૂતિમાં સ્પષ્ટ હોવાથી આ જ્ઞાનને પ્રત્યક્ષ કહેવું યોગ્ય છે. તર્કશાસ્ત્રનો પણ એવો સિદ્ધાંત છે કે—

स्पष्ट प्रतिभासात्मकं प्रत्यक्षम्, अस्पष्ट परोक्षम् ।

ભાવાર્થ : જે જ્ઞાન પોતાના વિષયને સારી રીતે નિર્મળપણે જાણે તે પ્રત્યક્ષ છે અને જે જ્ઞાન અસ્પષ્ટ જાણે તે પરોક્ષ છે. (પં. ટોડરમલકૃત રહસ્યપૂર્ણચિઠ્ઠીના આધારે)

ભાવશ્રુતપ્રમાણજ્ઞાન સ્પષ્ટ હોવા ઉપરાંત સત્ય પણ છે. સંશય, વિપર્યય અને અનધ્યવસાય જેવા જ્ઞાનસંબંધી દોષોના અભાવપૂર્વક જ આ જ્ઞાન પ્રવર્તતું હોવાથી નિર્દોષ છે. નિર્દોષ હોય તેવા જ્ઞાનને જ સત્યજ્ઞાન કહે છે અને સત્યજ્ઞાનને જ પ્રમાણજ્ઞાન કહે છે. આ રીતે ભાવશ્રુતપ્રમાણજ્ઞાન સત્ય છે અને તેથી તે પ્રત્યક્ષ છે. પરપદાર્થ સંબંધી સાંવ્યવહારિકજ્ઞાન પણ સત્ય હોવાથી પ્રત્યક્ષ કહેવાય છે, તો ઇન્દ્રિયો વિના પ્રવર્તતા સ્વાનુભૂતિરૂપ સ્વાત્મસંબંધી ભાવશ્રુતપ્રમાણજ્ઞાનને પ્રત્યક્ષ કેમ ન કહેવાય ? જરૂર કહેવાય.

ઉપર મુજબ ભાવશ્રુતપ્રમાણજ્ઞાન સ્પષ્ટ અને સત્ય હોવાથી પ્રત્યક્ષ છે.



**૨. ભાવશ્રુતપ્રમાણજ્ઞાન નિર્વિકલ્પસ્વાત્માનુભૂતિરૂપ હોવાથી પ્રત્યક્ષ છે.**

આત્માના નિર્ણયના આધારે નિર્વિકલ્પદશામાં આત્માનો અનુભવ થાય છે આ અનુભવ પ્રત્યક્ષ હોય છે. ભાવશ્રુતપ્રમાણજ્ઞાન પોતે જ નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિરૂપ હોવાથી પ્રત્યક્ષ છે.

આગમ, અનુમાન, તર્ક, ગુરુનો ઉપદેશ વગેરેના આધારે સવિકલ્પદશામાં આત્માનો નિર્ણય થાય છે. આ નિર્ણય પરોક્ષ હોય છે. પણ આ નિર્ણયના આધારે નિર્વિકલ્પદશામાં આત્માનો જે અનુભવ થાય છે, તે પ્રત્યક્ષ હોય છે. ભાવશ્રુતપ્રમાણજ્ઞાન પોતે જ નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિરૂપ હોવાથી પ્રત્યક્ષ છે.

ભાવશ્રુતપ્રમાણજ્ઞાન મતિ-શ્રુતજ્ઞાન દ્વારા પ્રવર્તનું હોવાથી પરોક્ષ કહેવાય છે તોપણ ત્યાં મતિ-શ્રુતજ્ઞાન સ્વરૂપસન્મુખ થઈને નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિમાં પ્રવર્તતું હોવાથી તે પ્રત્યક્ષ હોય છે. ભાવશ્રુતપ્રમાણજ્ઞાન સમયે થતી નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિ સંપૂર્ણપણે "ઇન્દ્રિયાતીત અને આંશિકપણે "મનાતીત હોય છે તેથી તે અન્ય કોઈની સહાય વિના આત્માથી જ આત્મા દ્વારા પ્રગટે છે, તેથી તે પ્રત્યક્ષ છે. તે આ રીતે—

ભાવશ્રુતપ્રમાણજ્ઞાનરૂપ નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિ પહેલા સવિકલ્પદશામાં જે મતિજ્ઞાન પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠા મન દ્વારા પરપદાર્થની પ્રસિદ્ધિમાં અને શ્રુતજ્ઞાન અનેક પ્રકારના નયપક્ષોના આલંબનથી થતાં અનેક વિકલ્પોરૂપ પ્રવર્તતું હતું તે જ જ્ઞાન નિર્વિકલ્પદશામાં સર્વ બાજુએથી સમેટાઈ સ્વરૂપસન્મુખ થાય છે. આ જ્ઞાન ક્ષયોપશમરૂપ છે તેથી એક સમયમાં એક જ જ્ઞેયને જાણી શકે છે. તેથી સ્વરૂપ

સન્મુખતાના સ્વપ્રકાશપણામાં અન્ય પરપ્રકાશપણું સંભવતું નથી. પોતે જ પોતાને જાણનારા સ્વપ્રકાશકજ્ઞાનમાં અન્ય કોઇનું અવલંબન ન હોવાથી તે પ્રત્યક્ષ હોય છે. આવી દશામાં પરપ્રકાશક એવા પરોક્ષ જ્ઞાનનો અભાવ અને સ્વપ્રકાશક એવા પ્રત્યક્ષજ્ઞાનનો સદ્ભાવ થાય છે. આ જ્ઞાન ક્રમપૂર્વક પરોક્ષમાંથી પ્રત્યક્ષ થાય છે. તેમાં સૌપ્રથમ મતિજ્ઞાન આત્મસન્મુખ થતા સામાન્ય સ્થૂળપણે આત્મા સંબંધી જ્ઞાન થાય તેને અર્થાવગ્રહ (Perception) કહે છે. ત્યારપછી સંદેહરહિત થતા વિશેષ જ્ઞાનને ઇહા (Conception) અને ઇહાથી જાણેલ આત્મા 'આ તે જ છે' અન્ય નથી એવા દઢ નિશ્ચયરૂપ જ્ઞાનને અવાય (Judgement) કહે છે. અવાયથી નિશ્ચિત કરેલ આત્મા સંબંધી જ્ઞાનમાં કાળાંતરમાં પણ કોઇ સંશય કે વિસ્મરણ ન થાય તેવા દઢ જ્ઞાનને ધારણા (Retention) કહે છે. અહીં સુધી મનજનિત મતિજ્ઞાનનો ધારણા સુધીનો ભેદ થયો. ત્યાર પછી આત્મા અનંત જ્ઞાનાનંદ શક્તિસ્વરૂપે છે તેમ તાર્કિક મતિજ્ઞાનમાંથી લંબાતુ શ્રુતજ્ઞાન અત્યંત વિકલ્પ રહિત થઇને તત્કાળ નિજરસથી જ પ્રગટ થતા આદિ-મધ્ય-અંત રહિત અનાકૂળ અખંડ પ્રતિભાસમય વિજ્ઞાનનસ્વરૂપ શુદ્ધાત્માને અનુભવે છે. આ શુદ્ધાત્માનુભૂતિ પ્રત્યક્ષ છે. આ શુદ્ધાત્માનુભૂતિ એ જ ભાવશ્રુતપ્રમાણજ્ઞાન છે. આ રીતે ભાવશ્રુતપ્રમાણજ્ઞાન એ નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિરૂપ હોવાથી પ્રત્યક્ષ છે.

### ૩. અપવાદ કથનથી ભાવશ્રુતપ્રમાણજ્ઞાનને પ્રત્યક્ષ કહી શકાય છે.

**સામાન્ય નિયમરૂપ કથનને ઉત્સર્ગકથન અને સામાન્ય નિયમમાં બાધ રાખનાર વિશેષ ઉલ્લેખનીય કથનને અપવાદ કથન કહે છે. અપવાદ કથનથી ભાવશ્રુતપ્રમાણજ્ઞાનને પ્રત્યક્ષ કહી શકાય છે.**

ભાવશ્રુતપ્રમાણજ્ઞાન એ શ્રુતજ્ઞાનનો પ્રકાર છે. શ્રુતજ્ઞાન સામાન્યણે મન દ્વારા પ્રવર્તે છે. તેથી ઉત્સર્ગ કથનથી શ્રુતજ્ઞાનને પરોક્ષ કહે છે. શ્રુતજ્ઞાન પરોક્ષ હોવાથી ભાવશ્રુતપ્રમાણજ્ઞાન પણ પરોક્ષ છે. પણ આ એક ઉત્સર્ગકથન છે.અપવાદ કથનની અપેક્ષાએ આ ભાવશ્રુતપ્રમાણજ્ઞાન સ્વાનુભવ અપેક્ષાએ પ્રત્યક્ષ છે. તેથી અપવાદ કથનથી તેને પ્રત્યક્ષ કહી શકાય છે. તે આ રીતે-

સામાન્યપણે શ્રુતજ્ઞાન સવિકલ્પ પરાનુભૂતિપણે અને પરપદાર્થની પ્રતિક્રિયામાં મોટાભાગે પ્રવર્તતું રહે છે. તે સમયે ઇન્દ્રિયો અને મનના અવલંબને પ્રવર્તતું હોવાથી તે પરોક્ષ કહેવાય છે પણ આ એક ઉત્સર્ગકથન છે. પણ વિશેષપણે આ જ શ્રુતજ્ઞાન નિર્વિકલ્પ સ્વાનુભૂતિપણે અને શુદ્ધાત્માની પ્રસિદ્ધમાં પણ ક્યારેક પ્રવર્તે છે. તે સમયે ઇન્દ્રિયો અને મનનું અવલંબન ન હોવાથી અપવાદકથનથી તેને પ્રત્યક્ષ કહી શકાય છે કેમ કે કોઇપણ સંવેદનજ્ઞાન પ્રત્યક્ષ જ હોય છે. સુખ-દુઃખના પરસંવેદનરૂપ જ્ઞાનને પણ પ્રત્યક્ષ કહેવાય છે. તો પછી સ્વાનુભૂતિના સ્વસંવેદનરૂપ જ્ઞાનને પ્રત્યક્ષ કેમ ન કહેવાય ? જરૂર કહેવાય. જોકે કેવળજ્ઞાનની અપેક્ષાએ આ જ્ઞાન પરોક્ષ જ છે. તોપણ છદ્મસ્થોને ક્ષાયિકજ્ઞાન-કેવળજ્ઞાનની પ્રાપ્તિ ન હોવાથી ક્ષાયોપશમિક જ્ઞાન-ભાવશ્રુતપ્રમાણજ્ઞાન વડે સ્વસંવેદનાત્મક સ્વાત્માનુભૂતિ હોય છે. તેથી અપવાદ કથનથી આ ભાવશ્રુતપ્રમાણજ્ઞાનને પ્રત્યક્ષ કહી શકાય છે.

ઉપરોક્ત ત્રણેય કારણોસર જ્ઞાનીનું નિર્વિકલ્પદશા સમયનું ભાવશ્રુતપ્રમાણજ્ઞાન પ્રત્યક્ષ છે. સામાન્યપણે પ્રત્યક્ષ હોય તે અતીન્દ્રિય હોય છે. તોપણ સાંવ્યવહારિક મતિજ્ઞાન જેવું જ્ઞાન પ્રત્યક્ષ હોવા છતાં અતીન્દ્રિય હોતું નથી. પણ ભાવશ્રુતપ્રમાણજ્ઞાન પ્રત્યક્ષ હોવા ઉપરાંત અતીન્દ્રિય પણ છે. તેના કારણો આ પ્રમાણે છે—

૧. ભાવશ્રુતપ્રમાણજ્ઞાન અતીન્દ્રિય આત્માનો અનુભવ કરનાર હોવાથી અતીન્દ્રિય છે.
૨. ભાવશ્રુતપ્રમાણજ્ઞાનમાં મનની વિશિષ્ટ ભૂમિકા હોવાથી તે અતીન્દ્રિય છે.
૩. ભાવશ્રુતપ્રમાણજ્ઞાન અતીન્દ્રિય સુખનો ભોગવટો કરનાર હોવાથી અતીન્દ્રિય છે.


### ૧. ભાવશ્રુતપ્રમાણજ્ઞાન અતીન્દ્રિય આત્માનો અનુભવ કરનાર હોવાથી અતીન્દ્રિય છે.

**આત્મા અમૂર્ત અને અતીન્દ્રિય પદાર્થ છે, તેથી તેનો અનુભવ કરનાર ભાવશ્રુતપ્રમાણજ્ઞાન અતીન્દ્રિય છે.**

મૂર્ત કે ઇન્દ્રિયગમ્ય પદાર્થને જાણનાર કે અનુભવ કરનાર જ્ઞાન ઇન્દ્રિય અને અમૂર્ત કે અતીન્દ્રિયગમ્ય પદાર્થને જાણનાર કે અનુભવ કરનાર જ્ઞાન અતીન્દ્રિય કહેવાય છે. પોતાનો આત્મા અમૂર્ત હોવાથી અતીન્દ્રિય છે. તેથી તેનો અનુભવ કરનાર ભાવશ્રુતપ્રમાણજ્ઞાનને પણ અતીન્દ્રિય જ કહેવું યોગ્ય છે. તે આ રીતે—

ઇન્દ્રિયનું કાર્ય ઇન્દ્રિયગમ્ય એવા મૂર્તિક પરપદાર્થોના સ્પર્શ રસ, ગંધ, વર્ણ, શબ્દ વગેરેને જાણવાનું કે અનુભવવાનું હોય છે. પણ ભાવશ્રુતપ્રમાણજ્ઞાન માત્ર

પોતાના શુદ્ધાત્મ સ્વરૂપમાં જ "તાદાત્મ્ય થઈને તેનો જ અનુભવ કરનાર છે. પોતાનો શુદ્ધાત્મા અતીન્દ્રિય મહાપદાર્થ હોવાના કારણે તેનો અનુભવ કરનાર ભાવશ્રુતપ્રમાણજ્ઞાન પણ અતીન્દ્રિય છે.



**૨. ભાવશ્રુતપ્રમાણજ્ઞાનમાં મનની વિશિષ્ટ ભૂમિકા હોવાથી તે અતીન્દ્રિય છે.**

ભાવશ્રુતપ્રમાણજ્ઞાનમાં મનની વિશિષ્ટ ભૂમિકા અમૂર્ત અતીન્દ્રિય જ્ઞાનમય હોવાથી તે અતીન્દ્રિય છે.

હૃદયના સ્થાને મનોવર્ગણામાંથી બનેલ આઠ પાંખડીના કમળના આકારનું મન આવેલું હોય છે. મનને નોઇન્દ્રિય કહે છે. નોઇન્દ્રિયમાં 'નો' શબ્દ અલ્પતા, કિંચિતતા કે ગૌણતા દર્શાવનાર છે. તેથી મનની ગૌણ પ્રકારે ઇન્દ્રિય તરીકેની ગણત્રી છે. તેથી આ મનના સંબંધવાળા જ્ઞાનને ઇન્દ્રિયજ્ઞાન માનવામાં આવે છે. ભાવશ્રુતપ્રમાણજ્ઞાનમાં મનનો સંબંધ હોવાથી તે ઇન્દ્રિયજ્ઞાન કહી શકાય છે તોપણ અહીં મનની વિશિષ્ટ ભૂમિકા હોવાથી તે અતીન્દ્રિય છે. તે આ રીતે–

સામાન્ય ભૂમિકામાં મનનું કાર્ય મૂર્ત પદાર્થોના આશ્રયે કે નયપક્ષોના અવલંબને વિકલ્પો કરવાનું છે. ભાવશ્રુતપ્રમાણજ્ઞાનમાં મનનો સંબંધ હોવા છતાં તે નિર્વિકલ્પ છે. તેનું કારણ મનની વિશિષ્ટ ભૂમિકા છે. મનનો વિષય મૂર્ત પરપદાર્થો છે તેમ અમૂર્ત પોતાનો આત્મા પણ છે. મન વડે સામાન્ય ભૂમિકામાં વિકલ્પાત્મક નયજ્ઞાનની જેમ વિશિષ્ટ ભૂમિકામાં નિર્વિકલ્પાત્મક પ્રમાણજ્ઞાન પણ હોય છે. વિશિષ્ટ ભૂમિકામાં મન અમૂર્ત આત્માનો આશ્રય કરાવી ભાવશ્રુતપ્રમાણજ્ઞાનના પ્રવર્તનમાં સહાયક બને છે. આ વિશિષ્ટ ભૂમિકામાં મન એ જ્ઞાતા અને જ્ઞેયના વિકલ્પોથી પણ રહિત થઈને નિર્વિકલ્પ બની જાય છે. નિર્વિકલ્પદશામાં થતા સ્વાનુભૂત્યાવરણ કર્મના ક્ષયોપશમના કારણે થતી વિશિષ્ટ દશામાં પ્રવર્તનું "ભાવમન અમૂર્ત અતીન્દ્રિય જ્ઞાનમય હોય છે. આ રીતે ભાવશ્રુતપ્રમાણજ્ઞાનમાં મનની વિશિષ્ટ ભૂમિકા હોવાથી તે અતીન્દ્રિય છે.

**૩. ભાવશ્રુતપ્રમાણજ્ઞાન અતીન્દ્રિય સુખનો અનુભવ કરાવનાર હોવાથી તે અતીન્દ્રિય છે.**

ભાવશ્રુતપ્રમાણજ્ઞાન એ કેવળજ્ઞાનના જ એક અંશ સમાન હોવાથી તે પણ કેવળજ્ઞાનની જેમ અતીન્દ્રિય સુખનો અનુભવ કરાવનાર હોવાથી તે અતીન્દ્રિય છે.

જ્ઞાન અને સુખ અભિન્ન છે. જેવું જ્ઞાન હોય તેવું સુખ હોય છે. ઇન્દ્રિયજ્ઞાન સાથે સંબંધિત ઇન્દ્રિયસુખ અને અતીન્દ્રિયજ્ઞાન સાથે સંબંધિત અતીન્દ્રિય સુખ છે. ભાવશ્રુતપ્રમાણજ્ઞાનમાં અતીન્દ્રિય સુખ હોવાથી તે અતીન્દ્રિય છે. તે આ રીતે–

સામાન્ય રીતે અતીન્દ્રિય જ્ઞાન તો કેવળજ્ઞાનને જ માનવામાં આવે છે અને શ્રુતજ્ઞાન મનના સંબંધવાળું હોવાથી તેને ઇન્દ્રિયજ્ઞાન માનવામાં આવે છે. તોપણ જેવી રીતે સવિકલ્પદશાનું શ્રુતજ્ઞાન એ ઇન્દ્રિયજ્ઞાન હોય છે તેવી રીતે નિર્વિકલ્પદશાનું ભાવશ્રુતપ્રમાણજ્ઞાન એ ઇન્દ્રિયજ્ઞાન હોતું નથી. પરંતુ તે કેવળજ્ઞાનની જેમ અતીન્દ્રિય હોય છે. કેમ કે, સવિકલ્પદશાનું શ્રુતજ્ઞાન જે રીતે "જ્ઞેયાર્થ પરિણમનરૂપ હોય છે તે રીતે નિર્વિકલ્પદશાનું ભાવશ્રુતપ્રમાણજ્ઞાન હોતું નથી અને તે કેવળજ્ઞાનની જેમ "જ્ઞપ્તિ પરિણમનરૂપ હોય છે. કેવળજ્ઞાન મોહના સર્વથા અભાવથી ઉત્પન્ન થયેલું છે, તો ભાવશ્રુતપ્રમાણજ્ઞાન દર્શનમોહના ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષયથી ઉત્પન્ન થયેલું છે. કેવળજ્ઞાનમાં અનંત અતીન્દ્રિયસુખ છે, તેવી જ જાતનું અલ્પ સુખ ભાવશ્રુતપ્રમાણજ્ઞાનમાં પણ છે. આમ ભાવશ્રુતપ્રમાણ- જ્ઞાન એ કેવળજ્ઞાનનો જ એક અંશ સમાન હોવાથી તે પણ કેવળજ્ઞાનની જેમ અતીન્દ્રિય કહેવાને યોગ્ય જ છે.

ઉપરોક્ત ત્રણેય કારણોસર જ્ઞાનીનું નિર્વિકલ્પદશા સમયનું ભાવશ્રુતપ્રમાણજ્ઞાન પ્રત્યક્ષ હોવા ઉપરાંત અતીન્દ્રિય છે.

જ્ઞાની ધર્માત્માનું નિર્વિકલ્પદશા સમયનું ભાવશ્રુતપ્રમાણજ્ઞાન અતીન્દ્રિય હોવાના કારણે સુખરૂપ છે અને સવિકલ્પદશા સમયનું જ્ઞાન ઐન્દ્રિય હોવાના કારણે દુ:ખરૂપ છે. સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્ર ચોથા ગુણસ્થાને હોય છે. તેમને નિર્વિકલ્પદશા ક્યારેક હોય છે અને મોટો ભાગ સવિકલ્પદશાનો હોય છે. આ સવિકલ્પદશા સમયનું ઇન્દ્રિયજ્ઞાન અસ્થિરતાજન્ય દુ:ખનું કારણ છે.

જ્ઞાન અને સુખ એક બીજા સાથે સંબંધિત હોવાથી જેવું જ્ઞાન હોય તેવું સુખ હોય છે. જ્ઞાનીને નિર્વિકલ્પદશા સમયના અતીન્દ્રિયજ્ઞાન સમયે અતીન્દ્રિય સુખ હોય છે અને સવિકલ્પદશા સમયના જ્ઞાન વખતે અસ્થિરતાજન્ય દુ:ખ

# ઈન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયજ્ઞાનનો તફાવત



## ઈન્દ્રિયજ્ઞાન : દુઃખરૂપ



## અતીન્દ્રિયજ્ઞાન : સુખરૂપ

**૧. પરાધીન છે**

**જે પરને આધીન હોય તેને પરાધીન કહે છે.**

સવિકલ્પદશા સમયનું ઈન્દ્રિયજ્ઞાન ઈન્દ્રિય ,પ્રકાશ, અન્યનો ઉપદેશ, કર્મનો ક્ષયોપશમ, પૂર્વની ધારણા, સંસ્કાર જેવા અનેક પ્રકારના નિમિત્તોને આધીન થઈને પ્રવર્તતું હોવાથી પરાધીન છે.

**૨. ક્ષુબ્ધ છે**

**જેમાં મનનો ગભરાટ કે વ્યગ્રતા હોય તેને ક્ષુબ્ધ કહે છે.**

ઈન્દ્રિય જ્ઞાન સમયે પોતાને સહાયરૂપ ઈન્દ્રિય, પ્રકાશ આદિ બાહ્ય સામગ્રીને શોધવાની વ્યગ્રતાને કારણે આત્મપરિણતિ સદાય ઘૂમરી ખાતી હોવાથી તે ક્ષુબ્ધ છે.

**૩. ખેદખિન્ન છે**

**સંતાપ અને થાકના કારણે દિલગીર હોય તેને ખેદખિન્ન કહે છે.**

સવિકલ્પદશાનું ઈન્દ્રિયજ્ઞાન મૂર્ત એવા પૌદ્‌ગલિક પદાર્થોને જ જાણે છે. તેમાં પણ અમુકને જાણે છે, અમુકને જાણતું નથી. જેમ કે, કાર્મણવર્ગણાના સૂક્ષ્મ પુદ્‌ગલ સ્કંધોને તે જાણતું નથી. વળી જે ઈન્દ્રિયોની નિકટમાં આવે છે તેને જ જાણે છે, અન્યને નહિ. આમ ઈન્દ્રિયજ્ઞાન અત્યંત અલ્પશક્તિવાળું હોવાથી ન જાણેલા પદાર્થોને જાણવાના વિકલ્પપૂર્વક પ્રવર્તતું હોવાને કારણે ખેદખિન્ન છે.

**૪. અસમંત છે**

**જે અમુક તરફથી પ્રવર્તે તેને અસમંત કહે છે.**

સવિકલ્પ દશાનું ઈન્દ્રિયજ્ઞાન અન્ય દ્વારોના આવરણને લઈને માત્ર અમુક દ્વારા જ પ્રવર્તે છે. જેમ કે- ચક્ષુ ઈન્દ્રિય દ્વારા પ્રવર્તતું જ્ઞાન માત્ર ચક્ષુ જેટલા દ્વાર દ્વારા જ પ્રવર્તે છે. અન્ય શ્રોત્ર, નાસિકા વગેરે દ્વારો દ્વારા નથી પ્રવર્તતું. આથી ચક્ષુ ઈન્દ્રિય સાથે સંલગ્ન આત્મપ્રદેશો દ્વારા માત્ર દેખવાનું કામ થાય છે, સાંભળવાનું કે સૂંઘવાનું થતું નથી. આ રીતે ઈન્દ્રિય જ્ઞાન અમુક આત્મપ્રદેશો દ્વારા પ્રવર્તે છે અને સર્વ આત્મપ્રદેશો દ્વારા નહિ પ્રવર્તતું હોવાને કારણે અસમંત છે.

**૫. સમળ છે**

**જે મલિન હોય તેને સમળ કહે છે.**

મિથ્યાદૃષ્ટિનું ઈન્દ્રિયજ્ઞાન પદાર્થોને સંશય-વિમોહ-વિભ્રમ સહિત તેમ જ કારણ વિપરીતતા, સ્વરૂપ વિપરીતતા અને ભેદાભેદ વિપરીતતાપૂર્વક જાણે છે. આમ તે અસમ્યક્ અવબોધને કારણે સમળ છે. સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન આવું અસમ્યક્ અવબોધવાળું ન હોવા છતાં પણ તે સવિકલ્પ દશાને કારણે કર્મમળવાળું હોવાથી સમળ છે.

**૬. સહાનિવૃદ્ધિ છે**

**જે વધઘટવાળું હોય તેને સહાનિવૃદ્ધિ કહે છે.**

સવિકલ્પ દશામાં પ્રવર્તતું ઈન્દ્રિયજ્ઞાન કર્મના ઉદયની ક્ષાયોપશમિક શક્તિને આધીન છે. કર્મનો ક્ષયોપશમ એક સરખો ન હોવાથી આવી ક્ષાયોપશમિક ઉપયોગ શક્તિ વડે પ્રવર્તતું ઈન્દ્રિય જ્ઞાન પણ એક સરખું ન રહેવાથી સમુદ્રના મોજાંની માફક સહાનિવૃદ્ધિ છે.

**૭. સવ્યાબાધ છે**

**જે વિઘ્ન કે અડચણવાળું હોય તેને સવ્યાબાધ કહે છે.**

સવિકલ્પ દશાનું ઈન્દ્રિયજ્ઞાન ખાવાની ઈચ્છા, પીવાની ઈચ્છા, સાંભળવાની ઈચ્છા, સૂંઘવાની ઈચ્છા એવી અનેક પ્રકારની ઈચ્છાઓની પ્રગટ વ્યક્તતા સહિતનું હોવાથી બાધાવાળું છે એટલે કે સવ્યાબાધ છે.

**૮. વિચ્છિન્ન છે**

**જે વિચ્છેદ પામેલું કે ખંડિત હોય તેને વિચ્છિન્ન કહે છે.**

સવિકલ્પદશાનું ઈન્દ્રિયજ્ઞાન એક વખતે એક જ ઈન્દ્રિય દ્વારા પ્રવર્તે છે, તે વખતે બીજી

**૧. સ્વાધીન છે**

**જે પોતાને આધીન હોય તેને સ્વાધીન કહે છે.**

નિર્વિકલ્પદશા સમયનું અતીન્દ્રિયજ્ઞાન ઈન્દ્રિય, પ્રકાશ જેવા નિમિત્તોની અપેક્ષા વિના એક માત્ર આત્મા દ્વારા જ ઉપજતું , આત્મસ્વભાવને જ કારણપણે ગ્રહીને આત્માને જ આધીન થઈને પ્રવર્તતું હોવાથી સ્વાધીન છે.

**૨. અક્ષુબ્ધ છે**

**જેમાં મનનો ગભરાટ કે વ્યગ્રતા નથી તેને અક્ષુબ્ધ કહે છે.**

અતીન્દ્રિયજ્ઞાન સમયે કોઈની સહાય વિના એક માત્ર આત્માના અનુભવના પ્રભાવ વડે આત્મપરિણતિ નિશ્ચલ કરી હોવાથી તે અક્ષુબ્ધ છે.

**૩. અખેદખિન્ન છે**

**જે ખેદખિન્ન ન હોય તેને અખેદખિન્ન કહે છે**

નિર્વિકલ્પ દશાનું અતીન્દ્રિયજ્ઞાન અમૂર્ત એવા આત્માને જ જાણે છે. અસંખ્ય પ્રદેશી આત્માના કોઈપણ પ્રદેશને બાકી રાખ્યા વિના તેને અખંડપણે અનુભવે છે. જાણનાર પણ પોતે અને જણાનાર પણ પોતે જ હોવાથી નિકટતાનો કોઈ પ્રશ્ન નથી. સાધકદશામાં પ્રવર્તતું આવું અતીન્દ્રિયજ્ઞાન કેવળજ્ઞાનના અનંતમા ભાગનું હોવાથી તે રીતે અલ્પશક્તિવાળું છે તોપણ તે અન્ય પદાર્થોને જાણવાના વિકલ્પ વગર પ્રવર્તતું હોવાને કારણે અખેદખિન્ન છે.

**૪. સમંત છે**

**જે સર્વ તરફથી પ્રવર્તે તેને સમંત કહે છે.**

નિર્વિકલ્પ દશાનું અતીન્દ્રિયજ્ઞાન ઈન્દ્રિયોના દ્વારો દ્વારા પ્રવર્તતું નથી. આ જ્ઞાન કોઈ પણ દ્વારના આવરણ વગર અશેષ દ્વારો ખુલ્લા થયા હોઈને સમગ્ર આત્મપ્રદેશો દ્વારા પ્રત્યક્ષ જ્ઞાનોપયોગરૂપ થઈને વ્યાપી રહેલું છે. આ રીતે અતીન્દ્રિયજ્ઞાન કોઈપણ આત્મપ્રદેશને બાકી રાખ્યા વગર સર્વ આત્મપ્રદેશો દ્વારા પ્રવર્તતું હોવાને કારણે સંમત છે.

**૫. વિમળ છે**

**જે નિર્મળ હોય તેને વિમળ કહે છે.**

સમ્યગ્દૃષ્ટિનું અતીન્દ્રિયજ્ઞાન સ્વસંવેદ્ય સ્વપ્રકાશકપણે પોતાના પરિસ્પષ્ટ પ્રકાશ વડે પ્રકાશમાન સ્વભાવમાં વ્યાપીને પોતાને સંશયાદિ અને વિપરીતતા વગર જાણે છે. આમ તે સમ્યક્ અવબોધને કારણે વિમળ છે. આ જ્ઞાન નિર્વિકલ્પ હોવાથી તેમાંથી આત્માની શક્તિને રોકનારું કર્મ સામાન્ય નીકળી ગયું હોવાથી કર્મમળરહિતપણાને કારણે પણ વિમળ છે.

**૬. અહાનિવૃદ્ધિ છે**

**જે વધઘટ વગરનું હોય તેને અહાનિવૃદ્ધિ કહે છે.**

નિર્વિકલ્પ દશામાં પ્રવર્તતું અતીન્દ્રિયજ્ઞાન ચૈતન્યને અનુસરનારી આત્મપરિણામ શક્તિ વડે પ્રવર્તે છે. આત્મપરિણામ શક્તિ વડે પ્રવર્તતું અતીન્દ્રિયજ્ઞાન કર્મના ક્ષયોપશમને આધીન ન હોવાથી પોતાના સ્વરૂપમાં સ્થિર રહેતું થયું સરોવરના શાંત જળની માફક અહાનિવૃદ્ધિ છે.

**૭. અવ્યાબાધ છે**

**જે વિઘ્ન કે અડચણ વગરનું હોય તેને અવ્યાબાધ કહે છે.**

નિર્વિકલ્પ દશાનું અતીન્દ્રિયજ્ઞાન વિકલ્પોના અભાવપૂર્વક એક માત્ર અતીન્દ્રિય સ્વાભાવિક ચિદાકાર પરિણામો દ્વારા ઉપજતું સઘળા પ્રકારની ઈચ્છાઓ વગરનું હોવાથી તે બાધા વગરનું છે. તેથી તે અવ્યાબાધ છે.

**૮. અવિચ્છિન્ન છે**

**જે વિચ્છિન્ન ન હોય તેને અવિચ્છિન્ન કહે છે.**

નિર્વિકલ્પ દશાનું અતીન્દ્રિયજ્ઞાન અત્યંત અંતર્મુખ આત્મિક પરિણામો

ઇન્દ્રિયો દ્વારા પ્રવર્તતું નથી. જ્યારે આંખ વડે જોવામાં આવે છે ત્યારે કાન વડે સાંભળી શકાતું નથી અને તે કાર્ય વારાફરતી થાય છે. આમ ઇન્દ્રિયજ્ઞાન ક્રમપૂર્વક અને તૂટક તૂટક પ્રવર્તતું હોવાથી વિચ્છિન્ન છે.

**૯. પ્રમત્ત છે**

**જે પ્રમાદી કે ગાફેલ હોય તેને પ્રમત્ત કહે છે.**

ઇન્દ્રિયજ્ઞાન મોહસહિત સવિકલ્પ હોવાને કારણે પ્રમાદી હોવાથી પ્રમત્ત છે.

**૧૦. બંધનું કારણ છે**

**જેનાથી પૌદ્ગલિકકર્મનો બંધ થાય તેને બંધનું કારણ કહે છે.**

ઇન્દ્રિયજ્ઞાન વિકલ્પ સહિતનું હોય છે. વિકલ્પો આત્માની અશુદ્ધતા સૂચવે છે. તેના નિમિત્તે નવા કર્મનો બંધ થતો હોવાથી તે બંધનું કારણ છે.

**૧૧. જ્ઞેયાર્થ પરિણમન છે**

**પરજ્ઞેયને અનુસરીને થતા પરિણમનને જ્ઞેયાર્થ પરિણમન કહે છે.**

સવિકલ્પદશાનું ઇન્દ્રિય જ્ઞાન મોહમિશ્રિત હોવાથી પરજ્ઞેયને પ્રયોજનપૂર્વક જાણે છે. જ્ઞેયસન્મુખ વૃત્તિને કારણે આ જ્ઞાન પરજ્ઞેયોમાં અટકે છે અને ક્યાંય તૃપ્તિ ન થવાથી એક જ્ઞેયમાંથી બીજા જ્ઞેયમાં ક્રમપૂર્વક પરિણમે છે. આ રીતે ઇન્દ્રિયજ્ઞાન ઉદયગત પુદ્ગલકર્મોની હયાતિમાં પરજ્ઞેયોને જાણતાં મોહ-રાગ-દ્વેષમાં પરિણત થવાથી જ્ઞેય પદાર્થોમાં પરિણમન જેનું લક્ષણ છે એવી જ્ઞાનની જ્ઞેયાર્થ પરિણમનસ્વરૂપ ક્રિયા સાથે જોડાય છે.

**૧૨. પરમાર્થે જ્ઞાન નથી**

**મોહના કારણે છેતરાતું જ્ઞાન તે પરમાર્થે જ્ઞાન નથી.**

ઇન્દ્રિયજ્ઞાન સમયે મહામોહમલ્લ જીવતો હોવાથી જ્ઞેયાર્થપરિણમનસ્વરૂપ ક્રિયામાં જોડાતા પરને પરિણમાવવાના-પરપરિણતિના-અભિપ્રાય સહિત તે પરજ્ઞેયોમાં પ્રવર્તે છે.

દ્વારા ઉપજતું, પ્રમાણના વિષયભૂત પરિપૂર્ણ આત્માને પ્રમેય કરતું, આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં અક્રમે યુગપદ પ્રવર્તતું હોવાને કારણે અવિચ્છિન્ન છે.

**૯. અપ્રમત્ત છે**

**જે પ્રમત્ત ન હોય તેને અપ્રમત્ત કહે છે.**

અતીન્દ્રિયજ્ઞાન મોહરહિત નિર્વિકલ્પ હોવાને કારણે અપ્રમાદી હોવાથી અપ્રમત્ત છે.

**૧૦. મોક્ષનું કારણ છે**

**જેનાથી કર્મનો નાશ થાય તેને મોક્ષનું કારણ કહે છે.**

અતીન્દ્રિયજ્ઞાન કોઇ પણ પ્રકારના વિકલ્પ વિનાનું હોય છે. નિર્વિકલ્પ દશા આત્માની શુદ્ધતા સૂચવે છે. તેના નિમિત્તે કર્મનો ક્ષય થતો હોવાથી તે મોક્ષનું કારણ છે.

**૧૧. જ્ઞપ્તિ પરિણમન છે**

**જ્ઞાયકને અનુસરીને થતા પરિણમનને જ્ઞપ્તિ પરિણમન કહે છે.**

નિર્વિકલ્પ દશાનું અતીન્દ્રિયજ્ઞાન મોહમિશ્રિત ન હોવાથી સર્વ આત્મપ્રદેશોથી પોતાને જ અનુભવ્યા કરે છે. સ્વજ્ઞેય જ જેનો એક વિષય હોવાથી અને તેમાં જ તૃપ્તિ અનુભવવાથી આ જ્ઞાન એક જ્ઞેયમાંથી બીજા જ્ઞેય પ્રત્યે પલટાતું નથી આ રીતે અતીન્દ્રિયજ્ઞાન જ્ઞાનને જ ગ્રહે છે જ્ઞાનરૂપે જ પરિણામે છે અને જ્ઞાનરૂપે જ ઉપજે છે જ્ઞાન જ જેનું કર્મ છે અને જ્ઞપ્તિ જ જેમની ક્રિયા છે તેવું અતીન્દ્રિયજ્ઞાન જ્ઞાનની માત્ર જ્ઞપ્તિપરિણમન સ્વરૂપ ક્રિયા સાથે જોડાય છે.

**૧૨. પરમાર્થે જ્ઞાન છે**

**મોહના અભાવથી છેતરાતું ન હોય તેવું જ્ઞાન પરમાર્થે જ્ઞાન છે.**

અતીન્દ્રિય જ્ઞાન સમયે મોહ મરી ગયો હોવાથી જ્ઞપ્તિ પરિણમન સ્વરૂપ ક્રિયામાં જોડાતાં પરને પરિણમાવવાના -પરપરિણતિના- અભિપ્રાય વગર તે સ્વજ્ઞેયમાં

સમ્યગ્દષ્ટિને દર્શનમોહ નથી તેથી તેને અભિપ્રાયપૂર્વકની પરપરિણતિ નથી. પણ ચારિત્રમોહ છે તેથી અસ્થિરતાપૂર્વકની પરપરિણતિ છે. પરપદાર્થો સ્વયં પરિણામસ્વભાવી હોવાથી તેઓના પરિણામ આત્માને આધીન નથી. આથી પરપરિણતિની પ્રવૃત્તિ વિફળ હોવાથી ઇન્દ્રિય જ્ઞાન ડગલે ને પગલે છેતરાય છે. આવું છેતરાતું જ્ઞાન પરમાર્થે જ્ઞાન ગણવાને જ યોગ્ય નથી.

**૧૩. હેય છે**

**ઉપરોક્ત દરેક પ્રકારે ઇન્દ્રિયજ્ઞાન પરોક્ષ છે, ગૌણ છે, હીન છે, નિકૃષ્ટ છે અને અનર્થકારી છે તેથી તે નિઃસાર છે. નિઃસાર હોવાથી હેય છે.**

**૧૪. દુઃખરૂપ છે**

**ઉપરોક્ત દરેક કારણોસર ઇન્દ્રિયજ્ઞાન અત્યંત આકૂળ હોવાથી દુઃખરૂપ છે.**

પ્રવર્તે છે. સમ્યગ્દષ્ટિને ચારિત્રમોહનો સદ્ભાવ હોવા છતાં નિર્વિકલ્પ દશાના અતીન્દ્રિયજ્ઞાન સમયે ચારિત્રમોહના ક્ષયોપશમપૂર્વક સ્થિરતાપૂર્વકની સ્વપરિણતિ છે. અભિપ્રાય કે અસ્થિરતા-પૂર્વકની કોઇપણ પ્રકારની પરપરિણતિ નથી. આ જ્ઞાન પરપરિણતિની પ્રવૃત્તિ વગરનું હોવાથી છેતરાવવાનો કોઇ સવાલ જ નથી. આવું અતીન્દ્રિયજ્ઞાન જ પરમાર્થે જ્ઞાન ગણાવાને યોગ્ય છે.

**૧૩. ઉપાદેય છે**

**ઉપરોક્ત પ્રકારે અતીન્દ્રિયજ્ઞાન પ્રત્યક્ષ છે, પ્રમુખ છે, અતિશય છે, ઉત્કૃષ્ટ છે અને અર્થકારી છે. તેથી તે સારભૂત હોવાથી ઉપાદેય છે.**

**૧૪. સુખરૂપ છે**

**ઉપરોક્ત દરેક કારણોસર અતીન્દ્રિયજ્ઞાન અત્યંત નિરાકૂળ હોવાથી સુખરૂપ છે.**

ઉપરોક્ત તફાવતના આધારે સવિકલ્પ દશાનું ઇન્દ્રિય જ્ઞાન દુઃખરૂપ અને નિર્વિકલ્પ દશાનું અતીન્દ્રિયજ્ઞાન સુખરૂપ છે તે સમજી શકાય છે. અહમિન્દ્રોને અસ્થિરતાના કારણે સવિકલ્પ દશાના ઇન્દ્રિયજ્ઞાનની મુખ્યતા હોવાથી તેઓ પણ અસ્થિરતાજન્ય દુઃખોથી દુઃખી જ જાણવા.

આ સંસારમાં સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્રો પણ દુઃખી હોય તો હવે પછી સંસારમાં ક્યાંય સુખ શોધવા જેવું બાકી રહેતું નથી. સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્રો લોકના અગ્રભાગમાં સિદ્ધ ભગવાનની સમીપ રહે છે અને એક ભવ પછી તેઓ પણ સિદ્ધ દશા પ્રાપ્ત કરનાર છે. આ અહમિન્દ્રોને શારીરિક, માનસિક ,કષાયજન્ય, વિષયજન્ય, પુણ્યોદયજન્ય જેવા કોઇ દુઃખ નથી. પણ પોતાનો ઉપયોગ સવિકલ્પદશામાં બહારમાં હોય ત્યારે અસ્થિરતાજન્ય દુઃખ છે. સવિકલ્પદશાનું ઇન્દ્રિયજ્ઞાન જ અસ્થિરતાજન્ય દુઃખનું કારણ છે. અજ્ઞાની જીવને કાયમ માટે ઇન્દ્રિયજ્ઞાન જ હોવાથી તેઓ કાયમ માટે દુઃખી જ છે. ઇન્દ્રિયવિષયોની આસક્તિ અને રુચિ ટાળવાથી ઇન્દ્રિયજ્ઞાન અને તેથી થતા દુઃખનો અભાવ થાય છે. આત્મતત્ત્વના અભ્યાસથી આત્માની ઓળખાણ અને અનુભવ થતા જાય છે. તેમ તેમ ઇન્દ્રિયના વિષયોની આસક્તિ અને રુચિ ટળતી જાય છે. અને તેથી ઇન્દ્રિયવિષયો સુલભ હોવા છતાં પણ રુચતા નથી. મુંબઇની હાફુસ કેરી મળતી હોય તેને મદ્રાસની

તોતાપુરી કેમ ગમે ? તેમ જેને આત્મિક સુખ મળે તેને ઇન્દ્રિય સુખની વાંછા કેમ થાય ? આત્મિક સુખ પ્રાપ્ત કરવા માટે તત્ત્વજ્ઞાનના અભ્યાસ દ્વારા આત્માની ઓળખાણ અને અનુભવ કરવા જોઇએ. આચાર્યશ્રી પૂજ્યપાદના શબ્દોમાં—

*જ્યમ જ્યમ સંવેદન વિષે આવે ઉત્તમ તત્ત્વ*
*સુલભ મળે વિષયો છતાં, જરીયે કરે ન મમત્વ.*

*જેમ જેમ વિષયો સુલભ પણ નહિ રૂચિમાં આય*
*તેમ તેમ આતમ-તત્ત્વમાં અનુભવ વધતો જાય.*

**ભાવાર્થ** : જેમ જેમ ઉત્તમ આત્મતત્ત્વની ઓળખાણ અને અનુભવ થતો જાય છે તેમ તેમ ઈન્દ્રિયના વિષયો સુલભ હોવા છતાં પણ રુચતા નથી. અને જેમ જેમ સુલભ ઈન્દ્રિય-વિષયો પણ રુચતા નથી, તેમ તેમ શુદ્ધાત્મ તત્ત્વનું સંવેદન અને તેથી થતો આત્મિક આનંદ વધતો જાય છે. (ઇષ્ટોપદેશ : ગાથા ૩૭, ૩૮)

## ૯. પરચારિત્ર

*રે ! પુણ્ય અથવા પાપ જીવને આસ્રવે જે ભાવથી,*
*તેના વડે તે 'પરચરિત' નિર્દિષ્ટ છે જિનદેવથી.*

*સૌ-સંગમુક્ત અનન્યચિત્ત સ્વભાવથી નિજ આત્મને*
*જાણે અને દેખે નિયત રહી તે સ્વચરિતપ્રવૃત છે.*

**ભાવાર્થ** : જિનદેવ પ્રરૂપે છે કે, જીવના જે ભાવથી આત્માને પુણ્ય કે પાપકર્મ આસ્રવે છે તે શુભ કે અશુભ ઉપયોગ ધરાવનારો જીવ **પરચારિત્ર**ને આચરનાર છે. અને જે સર્વસંગમુક્ત અને અનન્ય મનવાળો વર્તતો થકો આત્માને તેના શુદ્ધ સ્વભાવમાં સ્થિરતાપૂર્વક જાણે-દેખે છે તેવો શુદ્ધોપયોગ ધરાવતો જીવ **સ્વચારિત્ર**ને આચરનારો છે. (પંચાસ્તિકાયસંગ્રહ : ગાથા ૧૫૭, ૧૫૮)

જ્ઞાનીનું ચારિત્ર બે પ્રકારનું છે- સ્વચારિત્ર અને પરચારિત્ર.

જ્ઞાનીનો ઉપયોગ શુદ્ધપણે પોતાના શુદ્ધ સ્વભાવમાં સ્થિત હોય ત્યારે સ્વચારિત્ર અને તે ઉપયોગ અશુદ્ધપણે પોતાની પર્યાયમાં સ્થિત હોય ત્યારે પરચારિત્ર હોય છે. જ્ઞાનીને નિર્વિકલ્પ સ્વાનુભૂતિના સ્વપ્રકાશક અતીન્દ્રિયજ્ઞાન સમયે સ્વચારિત્ર અને સવિકલ્પ પરાનુભૂતિના પરપ્રકાશક ઇંન્દ્રિયજ્ઞાન સમયે પરચારિત્ર હોય છે. જ્ઞાનીને સ્વચારિત્ર સમયે અતીન્દ્રિયજ્ઞાન અને સુખ હોય છે અને પરચારિત્ર સમયે ઇન્દ્રિયજ્ઞાન અને દુઃખ હોય છે.તેથી આત્માના ચારિત્રને અનુસરીને જ્ઞાન અને સુખ હોય છે.

**પ્રશ્ન** : જ્ઞાન અને સુખ આત્માના ચારિત્રને અનુસરનારૂં કઈ રીતે છે ?

**ઉત્તર** : ક્ષાયોપશમિક જ્ઞાન રાગને અનુસરીને હોય છે. જેનું પ્રયોજન છે, જે તરફનું વલણ છે, જે તરફનો રાગ છે ત્યાં પોતાનું જ્ઞાન રોકાય છે, કેન્દ્રિત થાય છે. છાપામાં અનેક પ્રકારના સમાચાર હોય છે અને તે દરેક આપણા જ્ઞાનનો વિષય છે. પણ જેને જે પ્રકારનો રસ કે રુચિ હોય તે પ્રકારના સમાચારમાં તેનું જ્ઞાન રોકાય છે. વેપારીનું ધ્યાન વેપારની ગતિવિધિમાં, ખેલાડીનું લક્ષ રમતના અહેવાલમાં, રાજકારણીનો ઉપયોગ રાજકીય ઊથલપાથલમાં હોય છે.આ લોકોને બીજા સમાચાર પ્રત્યે ખાસ કોઇ ધ્યાન હોતું નથી. આ બાબત રાગને અનુસરીને જ્ઞાન હોય તે બતાવે છે. વાસ્તવમાં રાગ જ જ્ઞાનને રોકનારૂં છે. બારમા ગુણસ્થાનના અંતે રાગનો સમૂળગો અભાવ થતા તુરત જ સંપૂર્ણ જ્ઞાન-સર્વજ્ઞદશા પ્રગટે છે. તેથી છદ્મસ્થનું ક્ષાયોપશમિકજ્ઞાન રાગને એટલે કે ચારિત્રને અનુસરીને હોય છે. જ્ઞાનીને પરચારિત્રની સરાગ દશામાં તે જ્ઞાન પરપ્રકાશક ઇન્દ્રિયજ્ઞાનપણે હોય છે અને સ્વચારિત્રની વીતરાગદશામાં તે જ્ઞાન સ્વપ્રકાશક અતીન્દ્રિયજ્ઞાનપણે હોય છે. ઇન્દ્રિયજ્ઞાન આકૂળ હોવાથી દુઃખરૂપ છે અને અતીન્દ્રિયજ્ઞાન અનાકૂળ હોવાથી સુખરૂપ છે. તેથી જ્ઞાન સાથે સુખ પણ ચારિત્રને અનુસરીને છે. તેથી આ ચારિત્ર જીવના સુખ કે દુઃખનું કારણ હોય છે.

**પ્રશ્ન** : ચારિત્ર શું છે ? તેના કેટલા પ્રકાર છે ? ક્યું ચારિત્ર સુખરૂપ અને ક્યું ચારિત્ર દુઃખરૂપ છે ?

**ઉત્તર** : **ચારિત્ર** એ આત્માનો મુખ્ય ગુણ છે. પોતાના ત્રિકાળી સામાન્ય શુદ્ધ સ્વરૂપમાં સ્થિરતા, લીનતા, રમણતા કે એકાગ્રતા એ ચારિત્રનું શુદ્ધ સ્વાભાવિક કાર્ય છે. ચારિત્ર ગુણના આવા કાર્યમા જીવની મોહક્ષોભ વિહીન વીતરાગ નિર્વિકલ્પ દશા હોય છે. તેથી રાગાદિના અભાવરૂપે આત્માનું થવું, પરિણમવું તે ચારિત્ર છે. ચારિત્રના કારણે મોક્ષમાર્ગ અને તેથી થતું આત્મિક સુખ હોય છે. આવું ચારિત્ર એ જ આત્માનો વાસ્તવિક ધર્મ છે.

ચારિત્રગુણ બે પ્રકારે છે-૧. **સ્વચારિત્ર** અને ૨. **પરચારિત્ર.**

**૧. સ્વચારિત્ર** : ચારિત્ર ગુણની શુદ્ધ સ્વાભાવિક દશાને સ્વસમયની પ્રવૃત્તિ, સ્વસમયનું અવસ્થાન કે સ્વચારિત્ર કહે છે.




**૨. પરચારિત્ર** : અશુદ્ધ વિભાવિક દશાને પરસમયની પ્રવૃત્તિ, પરસમયનું અવસ્થાન કે પરચારિત્ર કહે છે.

સ્વચારિત્ર સમયે સ્વપ્રકાશક અતીન્દ્રિયજ્ઞાન હોવાથી તે સુખરૂપ હોય છે અને પરચારિત્ર

સમયે પરપ્રકાશક ઇન્દ્રિયજ્ઞાન હોવાથી તે દુઃખરૂપ હોય છે. અજ્ઞાનીને કાયમને માટે પરચારિત્ર અને તેથી થતું દુઃખ હોય છે. જ્ઞાનીનો ઉપયોગ અંદરમાં હોય ત્યારે નિર્વિકલ્પ સ્વાનુભૂતિ સમયે સ્વચારિત્ર અને તે ઉપયોગ બહાર હોય ત્યારે સવિકલ્પ પરાનુભૂતિ સમયે પરચારિત્ર હોય છે. સ્વચારિત્ર સુખરૂપ અને પરચારિત્ર દુઃખરૂપ હોય છે. આ સ્વ-પરચારિત્ર એક સાથે એક સમયે ન હોવાથી તેથી થતું સુખ-દુઃખ પણ એક સાથે એક સમયે હોતું નથી.

**પ્રશ્ન : શા માટે સ્વ-પરચારિત્ર અને તેથી થતું સુખ-દુઃખ એક સાથે હોતું નથી ?**

**ઉત્તર :** સ્વ-પરચારિત્ર એ એક જ ચારિત્ર ગુણની પરસ્પર વિરોધી બે પર્યાયો છે. સ્વચારિત્રમાં સ્વરૂપની સ્થિરતા, સ્વસમયપણું, વીતરાગદશા, સ્વાધીનતા અને તેથી થતું સુખ હોય છે. પરચારિત્રમાં સ્વરૂપની અસ્થિરતા, પરસમયપણું, સરાગદશા, પરાધીનતા અને તેથી થતું દુઃખ હોય છે. એક જ ગુણની એક જ પર્યાયમાં આવી પરસ્પર વિરોધી બે બાબતો સંભવી શકે નહિ. એક જ ચારિત્ર ગુણની એક જ પર્યાયમાં એક જ સમયે એક સાથે સ્વ-પરચારિત્ર હોય તો સ્થિરતા-અસ્થિરતા, સ્વસમય-પરસમય, વીતરાગતા-સરાગતા, સ્વાધીનતા-પરાધીનતા અને સુખ-દુઃખ જેવી પરસ્પર વિરોધી બાબતો એક જ સમયે હોય. પણ તે સંભવી શકતું નથી. તેથી જ્ઞાનીને સ્વ-પરચારિત્ર અને તેથી થતું સુખ-દુઃખ એક સાથે હોતું નથી. આ બાબતે કવિ રાજમલજીનું નીચેનું કથન દ્રષ્ટવ્ય છે—

अभिव्यक्तिस्तु पर्यायरुपा स्यात् सुखदुःखयोः ।
तदात्वे तन्न तत् द्वैतं, द्वैतं चेद्द्रव्यतः क्वचित् ।।

**ભાવાર્થ :** સુખ-દુઃખની અભિવ્યક્તિ પર્યાયરૂપ હોય છે. આવી વિરોધી પર્યાય એક જ સમયે એક સાથે દ્વૈતપણે હોય શકે નહિ. પરંતુ જો એ બંનેનું દ્વૈત એક સાથે એક જ સમયે કહેવું હોય તો દ્રવ્ય અપેક્ષાએ સુખ અને પર્યાય અપેક્ષાએ દુઃખ એમ કહી શકાય છે. પણ એક જ પર્યાયમાં પરસ્પર વિરોધી સુખ-દુઃખ સાથે કહી શકાતા નથી.

(પંચાધ્યાયી : ઉત્તરાર્ધ : ગાથા ૩૩૫)

**પ્રશ્ન : શા માટે સ્વચારિત્ર સુખરૂપ અને પરચારિત્ર દુઃખરૂપ હોય છે ?**

**ઉત્તર :** જ્યાં અનુકૂળતા હોય ત્યાં સુખ અને આકૂળતા હોય ત્યાં દુઃખ હોય છે. સ્વચારિત્રમાં અનાકૂળતા હોવાથી તે સુખરૂપ અને પરચારિત્રમાં આકુળતા હોવાથી તે દુઃખરૂપ છે. તે આ રીતે—

પોતાના સામાન્ય એવા દ્રવ્યસ્વભાવમાં સ્થિરતા, લીનતા, રમણતા કે એકાગ્રતા તે સ્વચારિત્ર છે. તેથી સ્વચારિત્ર પોતાના દ્રવ્યસ્વભાવના આશ્રયે હોય છે . દ્રવ્યસ્વભાવ સ્થિર, શુદ્ધ અને એકરૂપ છે. તેથી તેના આશ્રયે થતા સ્વચારિત્રના પરિણામ પણ સ્થિર, શુદ્ધ અને એકરૂપ હોય છે. સ્થિરતા, શુદ્ધતા અને એકરૂપતા એ જ સુખ છે. તેથી સ્વચારિત્ર સુખરૂપ છે.

બીજી રીતે જોઇએ તો નિર્વિકલ્પ સ્વાનુભૂતિ તે સ્વચારિત્ર છે. નિર્વિકલ્પ સ્વાનુભૂતિમાં સ્વપ્રકાશક સ્વસંવેદનાત્મક અતીન્દ્રિયજ્ઞાન હોય છે. અતીન્દ્રિયજ્ઞાન અનાકૂળ હોય છે. અનાકૂળતા એ જ સુખ છે. તેથી પણ સ્વચારિત્ર સુખરૂપ છે.

પોતાના વિશેષ એવા પર્યાયસ્વભાવમાં સ્થિરતા, લીનતા, રમણતા કે એકાગ્રતા તે પરચારિત્ર છે. તેથી પરચારિત્ર પોતાના પર્યાયસ્વભાવના આશ્રયે હોય છે પણ પોતાનું સાચું આશ્રયસ્થાન પોતાનો પર્યાયસ્વભાવ નથી. પર્યાયસ્વભાવ અસ્થિર, અશુદ્ધ અને અનેકરૂપ છે. તેથી તેના આશ્રયે થતા પરચારિત્રના પરિણામ પણ અસ્થિર, અશુદ્ધ અને અનેકરૂપ હોય છે. અસ્થિરતા, અશુદ્ધતા અને અનેકરૂપતાના કારણે આકૂળતા હોય છે. આકૂળતા એ જ દુઃખ છે. તેથી પરચારિત્ર દુઃખરૂપ છે.

બીજી રીતે જોઇએ તો સવિકલ્પ પરાનુભૂતિ તે પરચારિત્ર છે. સવિકલ્પ પરાનુભૂતિમાં પરપ્રકાશક પરસંવેદનાત્મક ઇન્દ્રિયજ્ઞાન હોય છે. ઇન્દ્રિયજ્ઞાન આકુળ હોય છે. આકુળતા એ જ દુઃખ છે. તેથી પણ પરચારિત્ર દુઃખરૂપ છે.

ઉપર મુજબ સ્વચારિત્ર સુખરૂપ અને પરચારિત્ર દુઃખરૂપ છે. વાસ્તવમાં સ્વચારિત્રનું સ્વરૂપ સુખરૂપ અને પરચારિત્રનું સ્વરૂપ દુઃખરૂપ છે.

**પ્રશ્ન : શા માટે સ્વચારિત્રનું સ્વરૂપ સુખરૂપ અને પરચારિત્રનું સ્વરૂપ દુઃખરૂપ છે ?**

**ઉત્તર :** આત્માધીન સ્વસમયરૂપ શુદ્ધોપયોગરૂપ સ્વભાવપ્રતિઘાતના અભાવરૂપ વીતરાગતારૂપ અને અતીન્દ્રિયજ્ઞાનરૂપ જેનું સ્વરૂપ હોય તે સુખરૂપ હોય છે. સ્વચારિત્રનું સ્વરૂપ આવું હોવાથી તે સુખરૂપ છે. અને તેનાથી વિરુદ્ધ પરાધીન, પરસમયરૂપ, અશુદ્ધોપયોગરૂપ, સ્વભાવપ્રતિઘાતના સદ્ભાવરૂપ, સરાગતારૂપ અને ઇન્દ્રિયજ્ઞાનરૂપ જેનું સ્વરૂપ હોય તે દુઃખરૂપ હોય છે. પરચારિત્રનું સ્વરૂપ આવું હોવાથી તે દુઃખરૂપ છે.

આ નીચે સ્વ-પરચારિત્રના સ્વરૂપનો તફાવત અને તેના આધારે તેનું સુખ-દુઃખરૂપપણું દર્શાવ્યું છે.

## સ્વ-પરચારિત્રના સ્વરૂપનો તફાવત

### સ્વચારિત્ર : સુખરૂપ

**૧. આત્માધીન**

**આત્માના આશ્રયે થતા પોતાના પરિણામને આત્માધીન કહે છે.**

આત્માધીન પરિણામ સહજ અને સ્વભાવિક હોવાથી સુખરૂપ હોય છે.સ્વચારિત્રના પરિણામ બાહ્ય કોઈ બાબતની અપેક્ષા કે સહાય વિના પોતે જ પોતાથી પ્રવર્તે છે. તેથી તે આત્માધીન છે આત્માધીન હોવાથી સુખરૂપ છે.

**૨. સ્વસમયરૂપ**

**પોતાના જ્ઞાનદર્શનમય શુદ્ધ દ્રવ્યસ્વભાવમાં સ્થિત એવા જીવના પરિણામને સ્વસમય કહે છે.**

સ્વસમયના પરિણામ સાક્ષાત્ મોક્ષમાર્ગ અને મોક્ષનું કારણ હોવાથી સુખરૂપ છે.સ્વચારિત્રના પરિણામ પોતાના શુદ્ધ દ્રવ્યસ્વભાવમાં સ્થિત હોવાથી સ્વસમયરૂપ છે. સ્વસમયરૂપ હોવાથી તે સુખરૂપ છે.

**૩. શુદ્ધોપયોગરૂપ**

**શુદ્ધાત્માના આશ્રયે થતા સ્વાશ્રિત ઉપયોગને શુદ્ધોપયોગ કહે છે.**

શુદ્ધોપયોગમાં ઉપયોગની સ્થિરતા હોવાથી તે સુખરૂપ છે.સ્વચારિત્રના પરિણામ શુદ્ધાત્માના આશ્રયે થતા હોવાથી તે શુદ્ધોપયોગરૂપ છે. શુદ્ધોપયોગરૂપ હોવાથી તે સુખરૂપ છે.

**૪.સ્વભાવપ્રતિઘાતના અભાવરૂપ**

**અનંત ગુણમય આત્માની શુદ્ધ સ્વભાવની પ્રગટતામાં કોઈ બાધા ન થવી તેને સ્વભાવપ્રતિઘાતનો અભાવ કહે છે.**

સ્વભાવપ્રતિઘાતના અભાવના કારણે સદ્‌ગુણોની ઉત્પત્તિ હોવાથી તે સુખરૂપ છે.સ્વચારિત્રના પરિણામમાં શુદ્ધ સ્વભાવની પ્રગટતા હોવાથી તે સ્વભાવપ્રતિઘાતના અભાવરૂપ છે. સ્વભાવપ્રતિઘાતના અભાવ-રૂપ હોવાથી તે સુખરૂપ છે.

**૫. વીતરાગતારૂપ**

**જીવના નિર્વિકલ્પ સમ-ભાવને વીતરાગતા કહે છે.**

વીતરાગભાવ મોહરહિત નિર્મળ હોવાથી સુખરૂપ છે.સ્વચારિત્રના પરિણામ નિર્વિકલ્પ હોવાથી વીતરાગતારૂપ છે. વીતરાગતારૂપ હોવાથી સુખરૂપ છે.

**૬. અતીન્દ્રિયજ્ઞાનરૂપ**

**સ્વાનુભૂતિ સમયના સ્વ પ્રકાશક સ્વસંવેદનાત્મક ઈન્દ્રિયાતીત જ્ઞાનને અતીન્દ્રિયજ્ઞાન કહે છે.**

અતીન્દ્રિય જ્ઞાન અનાકૂળ હોવાથી સુખરૂપ છે. સ્વચારિત્રના પરિણામ ઇન્દ્રિયાતીત હોવાથી અતીન્દ્રિયજ્ઞાનરૂપ છે. અતીન્દ્રિયજ્ઞાનરૂપ હોવાથી તે સુખરૂપ છે.

### પરચારિત્ર : દુઃખરૂપ

**૧. પરાધીન**

**પરના આશ્રયે થતા પોતાના પરિણામને પરાધીન કહે છે.**

પરાધીન પરિણામ અસહજ અને અસ્વાભાવિક હોવાથી દુઃખરૂપ હોય છે. પરચારિત્રના પરિણામ કર્મનો ઉદય, ઇન્દ્રિયો, મન જેવી બાહ્ય બાબતની અપેક્ષા કે સહાયપૂર્વક પ્રવર્તે છે. તેથી તે પરાધીન છે. પરાધીન હોવાથી દુઃખરૂપ છે.

**૨. પરસમયરૂપ**

**પૌદ્‌ગલિકકર્મોદયથી ઉત્પન્ન અશુદ્ધ પર્યાયસ્વભાવમાં સ્થિત એવા જીવના પરિણામને પરસમય કહે છે.**

પરસમયના પરિણામ પોતે જ બંધમાર્ગ અને બંધનું કારણ હોવાથી દુઃખરૂપ છે.પરચારિત્રના પરિણામ પોતાના અશુદ્ધ પર્યાયસ્વભાવમાં સ્થિત હોવાથી પરસમયરૂપ છે. પરસમયરૂપ હોવાથી તે દુઃખરૂપ છે.

**૩. અશુદ્ધોપયોગરૂપ**

**કર્મોદયના આશ્રયે થતા પરાશ્રિત ઉપયોગને અશુદ્ધોપયોગ કહે છે.**

અશુદ્ધોપયોગમાં ઉપયોગની અસ્થિરતા હોવાથી તે દુઃખરૂપ છે. પરચારિત્રના પરિણામ કર્મોદયના આશ્રયે થતા હોવાથી તે અશુદ્ધોપયોગરૂપ છે. અશુદ્ધોપયોગરૂપ હોવાથી તે દુઃખરૂપ છે.

**૪સ્વભાવપ્રતિઘાતના સદ્‌ભાવરૂપ**

**અનંતગુણમય આત્માના શુદ્ધ સ્વભાવની પ્રગટતા ન થવી અને તેની વિકૃતિ થવી તેને સ્વભાવપ્રતિઘાતનો સદ્‌ભાવ કહે છે.**

સ્વભાવપ્રતિઘાતના સદ્‌ભાવના કારણે અવગુણોની ઉત્પત્તિ હોવાથી તે દુઃખરૂપ છે. પરચારિત્રના પરિણામમાં અશુદ્ધ વિભાવની પ્રગટતા હોવાથી તે સ્વભાવપ્રતિઘાતના સદ્‌ભાવરૂપ છે. સ્વભાવપ્રતિઘાતના સદ્‌ભાવરૂપ હોવાથી તે દુઃખરૂપ છે.

**૫. સરાગતારૂપ**

**જીવના સવિકલ્પ વિષમ-ભાવને સરાગતા કહે છે.**

સરાગ ભાવ મોહસહિત સમળ હોવાથી દુઃખરૂપ છે. પરચારિત્રના પરિણામ સવિકલ્પ હોવાથી સરાગતારૂપ છે. સરાગતારૂપ હોવાથી દુઃખરૂપ છે.

**૬. ઇન્દ્રિયજ્ઞાનરૂપ**

**પરાનુભૂતિ સમયના પર પ્રકાશક પરસંવેદનાત્મક ઈન્દ્રિયપૂર્વકના જ્ઞાનને ઇન્દ્રિયજ્ઞાન કહે છે.**

ઇન્દ્રિયજ્ઞાન આકૂળ હોવાથી દુઃખરૂપ છે. પરચારિત્રના પરિણામ ઇન્દ્રિયપૂર્વકના હોવાથી ઇન્દ્રિયજ્ઞાનરૂપ છે. ઇન્દ્રિયજ્ઞાનરૂપ હોવાથી તે દુઃખરૂપ છે.

ઉપરોક્ત સ્વ-પરચારિત્રના સ્વરૂપના તફાવતના આધારે સ્વચારિત્ર સુખરૂપ અને પરચારિત્ર દુઃખરૂપ છે તે સમજી શકાય છે. સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્રોને સ્વરૂપમાં સ્થિરતારૂપ સ્વચારિત્ર ક્યારેક જ હોય છે અને મુખ્યત્વે અસ્થિરતારૂપ પરચારિત્ર જ હોય છે. તેથી આ અહમિન્દ્રો પણ અસ્થિરતાજન્ય દુઃખથી દુઃખી જ જાણવા.

લૌકિક દૃષ્ટિએ સંસારમાં સૌથી વધુ સુખી મનાતા સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્રો પણ પારમાર્થિક દૃષ્ટિએ દુઃખી જ છે. આ અહમિન્દ્રો પણ પોતાના શુદ્ધાત્માની સ્થિતિરૂપ સ્વચારિત્રની અવસ્થા જાળવી શકતા નથી ત્યારે ઉપયોગ બહાર આવે ત્યારે પરચારિત્રની અવસ્થામાં અસ્થિરતાજન્ય દુઃખના કારણે દુઃખી હોય છે. આ અહમિન્દ્રો પોતાના ૩૩ સાગરોપમનાં સુદીર્ઘ આયુષ્યનો મોટો ભાગ તત્ત્વચર્ચા અને તત્ત્વવિચાર જેવા ઊંચા પ્રકારના પ્રશસ્ત રાગમાં વીતાવે છે. આ ઊંચા પ્રકારનો પ્રશસ્તરાગ પણ પરચારિત્રની જ અવસ્થા હોવાથી દુઃખરૂપ જ હોય છે. તેથી મોક્ષાર્થીજીવે રાગનો સદંતર ત્યાગ કરવો અનિવાર્ય છે. રાગના ત્યાગથી જ વીતરાગ સ્વચારિત્રરૂપ મોક્ષમાર્ગ અને તેથી થતું આત્મિક સુખ પ્રગટે છે. આચાર્યશ્રી કુંદકુંદના શબ્દોમાં—

(હરિગીત)

તેથી ન કરવો રાગ જરીયે ક્યાંય પણ મોક્ષેચ્છુએ;
વીતરાગ થઈને એ રીતે તે ભવ્ય ભવસાગર તરે.

ભાવાર્થ : રાગમાત્ર દુઃખરૂપ હોવાથી મોક્ષાભિલાષી જીવે ક્યાંય કિંચિત્ પણ રાગ ન કરવો. રાગનો ત્યાગ કરી વીતરાગ સ્વચારિત્ર ધારણ કરનાર જીવ જ ભવસાગરને તરી જઈને મોક્ષ અને તેના સુખની પ્રાપ્તિ કરે છે.

(પંચાસ્તિકાયસંગ્રહ : ગાથા ૧૭૨)

## અસ્થિરતાજન્ય દુઃખ ટાળવાનો ઉપાય

અજ્ઞાની જીવને શારીરિક, માનસિક, વિષયજન્ય, પુણ્યોદયજન્ય જેવા અનેક પ્રકારના દુઃખો હોય છે. જ્ઞાની ધર્માત્માને આવા કોઈ દુઃખો હોતા નથી. તોપણ જ્યારે તેમનો ઉપયોગ પોતાના શુદ્ધ સ્વરૂપમાં સ્થિર રહી શકતો નથી અને તે ઉપયોગ પોતાના સ્વરૂપમાંથી બહાર આવે છે, ત્યારે થતી અસ્થિરતાના કારણે થતું અસ્થિરતાજન્ય દુઃખ હોય છે. એકાવતારી અહમિન્દ્રો પણ આવા અસ્થિરતાજન્ય દુઃખથી દુઃખી છે.



સ્વરૂપમાંથી બહાર નીકળવાથી થતી અસ્થિરતા અને તેથી થતા અસ્થિરતાજન્ય દુઃખનું કારણ પોતાના પુરુષાર્થની નબળાઈ છે. જ્ઞાનીનો પુરુષાર્થ સવળો અને સાચી દિશાનો છે. પોતાના "અપૂર્વ અને "અપ્રતીમ પુરુષાર્થથી તેણે પોતાના શુદ્ધાત્માને પ્રાપ્ત કર્યો છે. શુદ્ધાત્માના આશ્રયે થતા આત્મિક અતીન્દ્રિય આનંદનો આહ્લાદ માણ્યો છે. શુદ્ધાત્માની સ્થિતિમાંથી બહાર નીકળવું તેમને ગોઠતું નથી. તોપણ કર્મનો ઉદય કે પૂર્વના સંસ્કાર જોર કરી જાય અને પોતાનો પુરુષાર્થ કમજોર રહી જાય ત્યારે સ્વરૂપમાંથી બહાર નીકળવાથી થતી અસ્થિરતા અને તેનું દુઃખ હોય છે. આ અસ્થિરતાજન્ય દુઃખ ટાળવા માટે પુરુષાર્થની પ્રબળતા જ એક માત્ર ઉપાય છે.

જગતના પંથમાં જેમ ડગલે ને પગલે પૈસાની જરૂર રહે છે. તેમ મોક્ષના માર્ગમાં પણ ડગલે ને પગલે એટલે કે પર્યાયે પર્યાયે પુરુષાર્થની જરૂર રહે છે. આત્માની કોઈ પણ પારમાર્થિક પર્યાય પોતાના સવળા અને સાચી દિશાના પુરુષાર્થ વગર પ્રગટતી નથી. આત્માની રુચિથી માંડીને આત્માના મોક્ષ સુધી આ પુરુષાર્થ જ કાર્યકારી છે. જેમ ઘોડો છલાંગ મારે તેમ ઉગ્ર પુરુષાર્થી અંતર્મુહૂર્તમાં જ ત્વરાથી મોક્ષે પહોંચી જાય છે તો કોઈને વાર લાગે છે. પોતાના આત્મહિત માટે પોતાનો પુરુષાર્થ જ કાર્યકારી છે. કહ્યું પણ છે—

*समयं गोयम मा पमाये ।*

અર્થ : હે ગૌતમ ! એક ક્ષણનો પણ પ્રમાદ ન કર અને પુરુષાર્થ કર. (શ્વેતાંબર શાસ્ત્ર) (ઉત્તરાધ્યયન : સૂત્ર-૪)

## ઉપસંહાર

સંસારની ચાર ગતિમાં દેવ ગતિ ઉત્કૃષ્ટ કહેવાય છે. દેવગતિમાંય વૈમાનિક દેવો ઉત્કૃષ્ટ છે. વૈમાનિક દેવોમાંય અહમિન્દ્રો ઉત્કૃષ્ટ છે. અહમિન્દ્રોમાંય સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્રો સર્વોત્કૃષ્ટ છે. આ અહમિન્દ્રો આત્મજ્ઞાની અને એકાવતારી છે, મહાઋદ્ધિધારી અને મહાપુણ્યશાળી છે.

આ અહમિન્દ્રો સમ્યગ્દષ્ટિ ધર્માત્મા હોવાથી તેમનો ઉપયોગ અંદર હોય ત્યારે આત્મિક અતીન્દ્રિય સુખને અનુભવે છે પણ અસ્થિરતાના કારણે ઉપયોગ બહાર હોય ત્યારે અસ્થિરતાજન્ય દુઃખ જ અનુભવે છે. આ અહમિન્દ્રોમાં સાંસારિક સુખ અને પારમાર્થિક સુખ એમ બન્ને પ્રકારનું ઉત્કૃષ્ટ સુખ આવી મળેલું મનાય છે. પરંતુ જે સાંસારિક સુખ કહેવાય છે તે વાસ્તવમાં સુખ જ નથી. વાસ્તવિક સુખ બે પ્રકારનું હોતું નથી. તેથી પારમાર્થિક સુખ એ જ સાચું સુખ છે અને કહેવાતું સાંસારિક સુખ એ ખરેખર દુખ જ છે.

સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્રોને ઉપયોગ બહાર હોય ત્યારે તત્ત્વચર્ચા અને તે સંબંધી ઉત્કૃષ્ટ પ્રકારનો શુભભાવ હોય છે. આવો શુભભાવ જ્ઞાનીને દુઃખરૂપ વેદાય છે પરંતુ આત્માર્થી જીવને પણ સુખરૂપ વેદાય છે. જેનું અજ્ઞાન કે

મિથ્યાત્વ તીવ્ર છે તેને તો વિષયભોગના અશુભભાવો પણ સુખરૂપ વેદાય છે. એક ને એક પરિણામ જ્ઞાની માટે દુઃખરૂપ અને અજ્ઞાની માટે સુખરૂપ હોય એવું બને નહિ. દુઃખ હોવા છતાં સુખ વેદાવાનું કારણ જીવનું અજ્ઞાન છે તેની સમજૂતી આગળ ઉપર પ્રકરણ : ૩૦ માં આવશે.



અજ્ઞાની જીવને અનાદિકાળથી સંસારના કહેવાતા ઇન્દ્રિય સુખ પ્રત્યેનો પ્રેમ છે, આદર છે, મહિમા છે તેથી તેની મિત્રતા છે. પણ આત્માના અતીન્દ્રિય સુખ પ્રત્યેનો પ્રેમ નથી, આદર નથી, મહિમા નથી. તેથી તેની મિત્રતા નથી. સંસારના કહેવાતા વિષયજન્ય ઇન્દ્રિયસુખની પાછળ દોટ મૂકતો અજ્ઞાની આત્મિક અતીન્દ્રિય સુખથી [24]અળગો જ રહે છે. પણ હવે જ્યારે વર્તમાન મનુષ્યજીવનમાં સમજણશક્તિ અને વિવેકબુદ્ધિ સંપ્રાપ્ત છે, ત્યારે નક્કી કરવું જોઇએ કે સાચું સુખ શું છે અને ક્યાં છે ? પોતે નક્કી કરશે તો જણાશે કે પોતાના આત્માનું અતીન્દ્રિયસુખ એ જ સાચું સુખ છે અને સંસારનું કહેવાતું સુખ એ સુખ નથી. અજ્ઞાનીને જણાતું સુખ તે દુઃખ જ છે અને વાસ્તવિક સુખ તો અવિનાશી આત્માની અનુભૂતિમાં જ છે તેમ જણાવતાં ભૈયા ભગવતીદાસ કહે છે—

***जो सुख को तू सुख कहे, सो सुख तो सुख नाहिं ।***

***ये सुख दुःख के मूल है, सुख अविनाशी मांहि ॥***

ભાવાર્થ : સંસારમાં જેને સુખ કહેવામાં આવે છે તે સુખનો આભાસ જ હોવાથી ખરેખર સુખ નથી. વળી તે કહેવાતું સુખ સંસારનું જ કારણ હોવાથી દુઃખનું જ મૂળ છે. પોતાનું વાસ્તવિક આત્મિક સુખ તો અવિનાશી આત્માની અનુભૂતિમાં જ છે.

( ઉપાદાન-નિમિત્ત સંવાદ: દોહરો૩૫)

---

## ટિપ્પણ

**૧. ચૂડામણિ** : મુગટમાં જડેલો મણિ ●**૨. શાલીન** : નમ્ર, વિનીત, ખાનદાન ●**૩. અનુપરક્ત** : પુનરુક્તિ ન પામે તેવી, એક ને એક વાત ફરી ન આવે તેવી ●**૪. દ્રવ્યલિંગી** : ભાવલિંગ વિનાનું, બાહ્ય આચરણ અને વેશ હોવા છતાં તેને અનુરૂપ અંતરંગ શુદ્ધિ ન હોવી તે ●**૫. નિરતિચાર** : અતિચાર વિનાનું ●**૬. ૨૮ મૂળ ગુણ** : તપાદિ ઉત્તર ગુણોના કારણભૂત વ્રતાદિને મૂળ ગુણ કહે છે, સાધુના મૂળ ગુણ ૨૮ હોય છે જે આ પ્રમાણે છે – પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, પાંચ ઇન્દ્રિય નિરોધ, છ આવશ્યક, અચેલકત્વ, કેશલોંચ, અસ્નાનતા, ભૂમિશયન, અદંતધોવન, એકભુક્તિ આહાર, ઊભા ભોજન ●**૭. અતિચાર** : વ્રતાદિમાં શિથિલતા ●**૮. મૈથુન** : સ્ત્રી-પુરુષનું કામસેવન ●**૯. આધિ-વ્યાધિ-ઉપાધિ** : માનસિક ચિંતાને આધિ, શારીરિક રોગને વ્યાધિ અને પારકી પળોજણ કે પંચાતને ઉપાધિ કહે છે ●**૧૦. મૂત** : છૂટીને ●**૧૧. છદ્મસ્થ** : અલ્પજ્ઞ, અધૂરા જ્ઞાનવાળો ●**૧૨. સંશય** : ચાંદી હશે કે છીપ એવા બન્ને બાજુ દોલાયમાન જ્ઞાનને સંશય કહે છે ●**૧૩. વિપર્યય** : ચાંદી હોવા છતાં છીપ માનવી તેવા વિપરીત જ્ઞાનને વિપર્યય કહે છે ●**૧૪. અનધ્યવસાય** : અનિર્ણિત જ્ઞાનને અનધ્યવસાય કહે છે ●**૧૫. સુખસંવિત્તિ** : સુખના જ્ઞાન, વેદન, સમજ કે અનુભવને સુખસંવિત્તિ કહે છે. ●**૧૬. ઇન્દ્રિયાતીત** : ઇન્દ્રિય વિના ●**૧૭. મનાતીત** : મન વગર ●**૧૮. તાદાત્મ્ય** : એકમેક થઇને, તદ્રૂપ થઇને ●**૧૯. ભાવમન** : મનના નિમિત્તે થતા જીવના પરિણામને ભાવમન કહે છે ●**૨૦. જ્ઞેયાર્થ પરિણમન** : પરજ્ઞેયને અનુસરીને થતા પરિણમનને જ્ઞેયાર્થ પરિણમન કહે છે ●**૨૧. જ્ઞપ્તિ પરિણમન** : જ્ઞાયકને અનુસરીને થતા પરિણમનને જ્ઞપ્તિ પરિણમન કહે છે ●**૨૨. અપૂર્વ** : પૂર્વે નહિ કરેલું, અસામાન્ય ●**૨૩. અપ્રતિમ** : અનુપમ, શ્રેષ્ઠ ●**૨૪. અળગો** : વેગળો, છૂટો.

## સંદર્ભ ગ્રંથો


**પ્રાસ્તાવિક** ૧. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૬૨

**અહમિન્દ્ર કોને કહે છે ?** ૧. ત્રિલોકસાર : ગાથા ૨૨૫

**અહમિન્દ્ર નામની સાર્થકતા** ૧. અનાગાર ધર્મામૃત : અધ્યાય ૧, ગાથા ૪૬, પાનુ ૪૩ ● ૨. મહાપુરાણ : ૧૧/૧૪૩, ૧૪૪

**અહમિન્દ્રના પ્રકાર** : ૧. ત્રિલોકસાર : ગાથા ૪૭૯ થી ૪૭૭ ●૨. ત્રિલોકભાસ્કર : પાનુ ૨૪૫

**સર્વાર્થસિદ્ધિ વિમાનનું વર્ણન** : ૧. આદિપુરાણ : ભાગ ૧ : પર્વ ૧૧ : ગાથા ૧૧૨ થી ૧૨૧

**સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્રના વર્ણન** : ૧. આદિપુરાણ : ભાગ ૧ : પર્વ ૧૧ : ગાથા ૧૨૨ થી ૧૫૮ ●૨. વચનામૃત પ્રવચન : ભાગ ૩ : પાનુ ૩૭૯ ●૩. બહેનશ્રીના વચનામૃત : નં. ૩૪૫ તથા તત્ત્વચર્ચા તા. ૩-૧-૭૩

**અહમિન્દ્રનું સ્વરૂપ** : ૧. મૂલાચાર : ગાથા ૧૦૫૯, ૧૦૭૦, ૧૧૨૧, ૧૧૩૭, ૧૧૩૮, ૧૧૪૧ થી ૧૧૪૪. ●૨. ત્રિલોકસાર : ગાથા ૫૪૩ થી ૫૫૫ ●૩. તિલોયપણ્ણત્તિ : ૮/૬૪૦, ૬૭૫-૬૭૬ ●૪. તત્ત્વાર્થરાજવાર્તિક : ૪/૧૬/૧/૨૪૪/૧૮; ●૫. સર્વાર્થસિદ્ધિ : ૪/૨૧/૨૫૨; ૪/૧૬/૨૭૫/૧; ●૬. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૪૩૦ થી ૪૩૬; ●૭. ત્રિલોક ભાસ્કર : પાનુ ૨૬૫,૨૬૮ થી ૨૭૫ ●૮. જૈ. સિ. કોશ. ભાગ ૧ : અવગાહના : પાનુ ૧૮૧ અવધિજ્ઞાન : પાનુ ૧૯૮; આયુ પાનુ ૨૬૮, ૨૬૯; ભાગ ૪ : સ્વર્ગ : ૨ પાનુ ૫૨૦.

**અહમિન્દ્રના અસ્થિરતાજન્ય દુઃખ** : ૧. છ ઢાળા : ઢાળ ૬ : ગાથા ૧૧નો પૂર્વાર્ધ; ●૨. બહેનશ્રીના વચનામૃત : નં. ૧૮૯,૪૨૩,૪૩૧; તત્ત્વચર્ચા ૧૮-૧-૮૪

**૧. ઇન્દ્રિયજ્ઞાન** : ૧. પ્રવચનસાર : ગાથા ૧૩, ૨૨, ૪૦ થી ૪૩, ૫૨ થી ૫૯, ૬૧, ૧૯૨ અને તેની ટીકા; પરિશિષ્ટ. ●૨. પંચાધ્યાયી : પૂર્વાર્ધ: ૭૯, ૭૦૧ થી ૭૧૮; ઉત્તરાર્ધ : ગાથા ૨૩૮ થી ૨૫૯, ૨૭૭ થી ૩૦૬, ૩૭૫, ૩૭૬, ૪૬૦ થી ૪૬૨; ●૩. સમયસાર : ગાથા ૧૪૪ અને તેની ટીકા; ગાથા ૧૯૦ની જયસેનાચાર્યકૃત ટીકા. ●૪. પરમાત્મપ્રકાશ : અધ્યાય ૨ : ગાથા ૩૪, તેનો ભાવાર્થ. ●૫. યોગસાર-પ્રાભૃત : અધ્યાય ૯ : ગાથા ૧૨, ૧૩ ●૬. ઇષ્ટોપદેશ : ગાથા ૩૭, ૩૮ ●૭. આદિપુરાણ : ભાગ ૧ : પર્વ ૧૧ : ગાથા ૧૫૯, ૧૬૧, ૧૬૨, ૧૬૦; ●૮. બૃહદ્દ્રવ્ય સંગ્રહ : ગાથા ૫ અને તેની ટીકા; ●૯. પં. ટોડરમલજીકૃત રહસ્યપૂર્ણ ચિઠ્ઠી : ●૧૦. ત્રિલોકસાર : ગાથા ૫૬૦.

**૨. પરચારિત્ર** : ૧. પંચાસ્તિકાયસંગ્રહ : ગાથા ૧૫૪ થી ૧૫૯, ૧૭૨ અને તેની ટીકા; ૨. મોક્ષપાહુડ : ગાથા ૪૨, ૫૦; ૩. પરમાત્મપ્રકાશ : અધ્યાય ૨ : ગાથા ૩૮, ૫૧, ૧૯૪ અને તેની ટીકા; ૪. પ્રવચન સાર : ગાથા ૬, ૪૨, ૪૩, ૫૦ અને તેની ટીકા; ૫. યોગસાર : ગાથા ૧૬, ૪૮, ૯૧, ૯૨, ૯૩,૯૭ ૬. પંચાધ્યાયી : ઉત્તરાર્ધ : ગાથા ૧૬૧, ૧૯૩, ૩૩૫, ૬૯૨, ૬૦૩ થી ૯૦૬ ૭. સમયસાર : ગાથા ૫ની ટીકા ૮. ઇષ્ટોપદેશ : ગાથા ૪૭; ૯. બૃહદ્દ્રવ્યસંગ્રહ : ગાથા ૫ ની ટીકા; અસ્થિરતાજન્ય દુઃખ ટાળવાનો ઉપાય : ૧. બહેનશ્રીનાં વચનામૃત ૭, ૩૪૩, ૩૪૮

**ઉપસંહાર** : ૧. શ્રીમદ્ રાજચંદ્ર : વર્ષ ૧૭મું, ભાવનાબોધ : ષષ્ઠમ ચિત્ર : નિવૃત્તિબોધ : પાનું ૪૬.

## હેતુલક્ષી પ્રશ્નો

**યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં☐ચોરસમાં દર્શાવો**

**૧. કલ્પાતીત દેવો અહમિન્દ્ર તરીકે ઓળખાય છે. 'અહમિન્દ્ર' નામની સાર્થકતામાં ક્યું કારણ નથી ?** ૧.☐
A. અન્ય કલ્પાતીત દેવો ઉપરનું આધિપત્ય
B. સરખા વૈભવ અને ઋદ્ધિના ધારક
C. દશ પ્રકારના ભેદની કલ્પનાનો અભાવ
D. 'હું જ ઈન્દ્ર છું' એમ માનવું

**૨. અજ્ઞાની દ્રવ્યલિંગી મુનિ દેવલોકમાં ક્યા સુધી ઉપજી શકે ?** ૨.☐
A. સોળ સ્વર્ગ B. નવ ગ્રૈવેયક
C. નવ અનુદિશ D. પાંચ અનુત્તર

**૩. વૈમાનિક સ્વર્ગલોકનું સૌથી ઉપરનું વિમાન સર્વાર્થસિદ્ધિ શું સૂચવતું નથી ?** ૩.☐
A. ત્યાં ઉપજતા દેવોના સર્વ પ્રયોજનની સિદ્ધિ છે.
B. ત્યાં ઉપજતા દેવો ચરમ શરીરી હોય છે.
C. ત્યાં ઉપજતા દેવો એકાવતારી હોય છે.
D. ત્યાં ઉપજતા દેવો સર્વોત્કૃષ્ટ હોય છે.

**૪. અહમિન્દ્રો તીર્થંકર ભગવાનના કલ્યાણક ઉજવવા શા માટે જતા નથી ?** ૪.☐
A. અહમિન્દ્રો સંસારમાં સર્વોત્કૃષ્ટ હોવાથી તેઓ ક્યાંય જાય નહિ.
B. તેઓ પોતાના સ્થાનેથી ઊભા થઇને ભગવાનને ભાવથી નમસ્કાર કરે તેમાં કલ્યાણક ઉજવાઇ જતા હોવાથી જવાની જરૂર પડતી નથી.
C. તેઓનો કષાય અત્યંત મંદ હોવાથી તેમને કલ્યાણક ઉજવવાનો શુભભાવ પણ થતો નથી તેથી જતાં નથી
D. અહમિન્દ્રો અભિમાની હોવાથી તેઓ ભગવાનના કલ્યાણક માટે જતા નથી.

**૫. સર્વાર્થસિદ્ધિના દેવો ૩૩ સાગરોપમના સુદીર્ઘ આયુષ્યનો મોટો ભાગ શેમાં વીતાવે ?** ૫.☐
A. જિનેન્દ્ર પૂજન–ભક્તિમાં
B. તીર્થયાત્રામાં
C. આત્મિક સુખના ભોગવટામાં
D. ધર્મતત્ત્વચર્ચામાં

**૬. સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્રોને કેટલું જ્ઞાન હોય છે ?** ૬.☐
A. ૧૧ અંગ અને ૧૪ પૂર્વ સુધીનું સંપૂર્ણ જ્ઞાન
B. ૧૧ અંગ અને ૯ પૂર્વ સુધીનું
C. ૧૧ અંગ અને ૯ પૂર્વ થોડુંક જ ઓછું
D. ૧૧ અંગ અને ૧૪ પૂર્વથી થોડુંક જ ઓછું

**૭. મધ્યના ત્રણ ગ્રૈવેયકના દેવોના શરીરની ઊંચાઇ કેટલી હોય છે ?** ૭.☐
A. ૧ હાથ(૪૦ સેમી)
B. ૧.૫ હાથ(૬૦ સેમી)
C. ૨ હાથ(૮૦ સેમી)
D. ૨.૫ હાથ(૧ મીટર)

**૮. અનુત્તર વિમાનના અહમિન્દ્રોના અવધિજ્ઞાનનો વિષય કેટલો ?** ૮.☐
A. વાતવલય સિવાયની સમગ્ર ત્રસનાલીનો
B. વાતવલય સહિતની સમગ્ર ત્રસનાલીનો
C. સાતમી પૃથ્વી સુધીનો
D. છઠ્ઠી પૃથ્વી સુધીનો

**૯. અહમિન્દ્રોને દેવીઓ શા માટે હોતી નથી ?** ૯.☐
A. ઉપરના દેવલોકમાં દેવીઓ ઉત્પન્ન થતી ન હોવાથી
B. તેઓને કામપીડા ન હોવાથી
C. ઉપરના દેવલોકમાં દેવીઓની તંગી હોવાથી
D. તેઓને બ્રહ્મચર્યવ્રત હોવાથી

**૧૦. અનુત્તર સ્વર્ગના અપરાજિત નામના વિમાનના અહમિન્દ્રોની મોક્ષની યોગ્યતા ક્યા પ્રકારની છે ?** ૧૦.☐
A. દ્વિચરમ દેહી B. એક ભવાવતારી
C. ચરમ દેહી D. દૂરભવી

**૧૧. અહમિન્દ્રમાં ઉપજવા માટે ઓછામાં ઓછી લાયકાત કઈ ?** ૧૧.☐
A. અભવ્ય મિથ્યાદષ્ટિ જિનલિંગધારી દ્રવ્યલિંગીમુનિ
B. ભવ્ય મિથ્યાદષ્ટિ જિનલિંગધારી દ્રવ્યલિંગીમુનિ
C. સમ્યગ્દષ્ટિ જિનલિંગધારી દ્રવ્યલિંગી મુનિ
D. સમ્યગ્દષ્ટિ જિનલિંગધારી ભાવલિંગી મુનિ

**૧૨. સંસારમાં સૌથી વધુ સુખી કોણ કહેવાય છે ?** ૧૨.☐
A. અસુરેન્દ્ર B. અહમિન્દ્ર
C. નરેન્દ્ર D. સુરેન્દ્ર

**૧૩. જ્ઞાનીને સવિકલ્પદશામાં શું નથી ?** ૧૩.☐
A. જ્ઞાતૃત્વ પરિણતિ B. આત્મિક આનંદ
C. આત્માની ઊર્ધ્વતા D. આત્માની શાંતિ

**૧૪. સહદેવ અને નકુલને વડીલબંધુ પ્રત્યેના સૂક્ષ્મ શુભ વિકલ્પના ફળમાં ખરેખર શું પ્રાપ્ત થયું ?** ૧૪.☐
A. એકાવતારીપણું
B. સર્વાર્થસિદ્ધિનું સુખ
C. ૩૩ સાગરની દુઃખ ભોગવવાની જેલ
D. ઉત્કૃષ્ટ પુણ્ય

**૧૫. આત્માના ઉપયોગની સ્થિરતામાં શું નથી ?** ૧૫.☐
A. સામાન્યતા B. એકરૂપતા
C. એકવિધતા D. વિચિત્રતા

**૧૬. પોતાના ઉપયોગની સ્થિરતા કોના આશ્રયે હોય છે ?** ૧૬.☐
A. પર્યાય B. કર્મ
C. નિમિત્ત D. શુદ્ધાત્મા

**૧૭. ઉપયોગની સ્થિરતામાં શું હોતું નથી ?** ૧૭.☐
A. સ્વસમયપણું
B. સ્વચારિત્રપણું
C. સ્વભાવપ્રતિઘાતનો સદ્‌ભાવ
D. આત્મિક સુખ

**૧૮. જ્ઞાનીનું નિર્વિકલ્પદશાનું જ્ઞાન કેવું કહેવાતું નથી ?** ૧૮.☐
A. ભાવશ્રુતપ્રમાણજ્ઞાન
B. ઇન્દ્રિય જ્ઞાન
C. અતીન્દ્રિય જ્ઞાન
D. પ્રત્યક્ષ જ્ઞાન

**૧૯. પ્રમાણજ્ઞાન એ કેવું જ્ઞાન છે ?** ૧૯.☐
A. સંશયવાળું જ્ઞાન
B. સાચું જ્ઞાન
C. વિપર્યય સહિતનું જ્ઞાન
D. અનધ્યવસાયવાળું જ્ઞાન

**૨૦. કઈ અપેક્ષાએ જ્ઞાનીના ભાવશ્રુતપ્રમાણ જ્ઞાનને પ્રત્યક્ષ કહી ન શકાય ?** ૨૦.☐
A. ઉત્સર્ગ કથનની અપેક્ષાએ
B. અપવાદ કથનની અપેક્ષાએ
C. સ્પષ્ટ અને સત્ય હોવાની અપેક્ષાએ
D. નિર્વિકલ્પ સ્વાનુભૂતિરૂપ હોવાની અપેક્ષાએ

**૨૧. કઈ અપેક્ષાએ જ્ઞાનીના ભાવશ્રુતપ્રમાણ જ્ઞાનને અતીન્દ્રિય કહી શકાય ?** ૨૧.☐
A. મનની ભૂમિકા વિશિષ્ટ હોવાની અપેક્ષાએ
B. મન અને ઇન્દ્રિયોનો અભાવ હોવાની અપેક્ષાએ
C. મતિજ્ઞાનપૂર્વક હોવાની અપેક્ષાએ
D. સાચું જ્ઞાન હોવાની અપેક્ષાએ

**૨૨. ભાવશ્રુતપ્રમાણજ્ઞાન એ ક્યા જ્ઞાનના અંશ સમાન છે ?** ૨૨.☐
A. ઇન્દ્રિય જ્ઞાન B. કેવળજ્ઞાન
C. શ્રુતજ્ઞાન D. મતિજ્ઞાન

**૨૩. જ્ઞાનીના રુચિકલ્પના અસ્થિરતાજન્ય દુઃખ કારણભૂત ઇન્દ્રિય જ્ઞાન કેવું છે ?** ૨૩.☐
A. મોક્ષનું કારણ છે B. પરાધીન છે
C. જ્ઞપ્તિપરિણમનરૂપ છે D. અવ્યાબાધ છે

**૨૪. અતીન્દ્રિયજ્ઞાન શા માટે સમંત કહેવાય છે ?** ૨૪☐
A. દેવ–ગુરુ–શાસ્ત્ર દ્વારા માન્ય હોવાથી
B. કર્મમળરહિત હોવાથી
C. સર્વ આત્મપ્રદેશો દ્વારા પ્રવર્તતું હોવાથી
D. નિરાકૂળ હોવાથી

**૨૫. ઇન્દ્રિય જ્ઞાન શા માટે અવ્યાબાધ કહેવાય છે?** ૨૫☐
A. બાહ્ય સામગ્રી શોધવાની વ્યગ્રતાવાળું હોવાથી
B. ક્રમપૂર્વક તૂટક તૂટક પ્રવર્તતું હોવાથી
C. કર્મોના ક્ષયોપશમને અનુસરીને હોવાથી
D. ઇચ્છાની પ્રગટ વ્યક્તતાપૂર્વકનું હોવાથી

**૨૬. અતીન્દ્રિયજ્ઞાન કેવું નથી ?** ૨૬☐
A. સુખરૂપ B. સારભૂત
C. અર્થકારી D. હેય

**૨૭. આ સંસારમાં કોણ દુઃખી હોય તો પછી બીજે ક્યાંય સુખ શોધવા જેવું બાકી રહેતું નથી ?** ૨૭.☐
A. અબજોપતિ B. સુરેન્દ્ર
C. અહમિન્દ્ર D. ચક્રવર્તી

**૨૮. ઇન્દ્રિયજ્ઞાન અને તેથી થતા દુઃખનો અભાવ કેમ થાય ?** ૨૮.☐
A. ઇન્દ્રિય વિષયોની પ્રવૃત્તિનો ત્યાગ કરવાથી
B. ઇન્દ્રિય વિષયોની આસક્તિ અને રુચિ ટાળવાથી
C. ઇન્દ્રિયોનું દમન કરવાથી
D. પરપ્રકાશક જ્ઞાનનો અભાવ કરવાથી

**૨૯. જેમ જેમ ઉત્તમ આત્મતત્ત્વની ઓળખાણ અને અનુભવ થતો જાય તેમ તેમ શું થાય છે ?** ૨૯☐
A. સઘળા પ્રકારનું કહેવાતું સુખ વધતું જાય
B. સુલભ ઇન્દ્રિય વિષયો પણ રુચે નહિ
C. આત્માના ગુણો વધતા જાય
D. પોતાનું માન–સન્માન વધતું જાય

**૩૦. પરચારિત્રને આચરનારો કેવો હોય છે ?** ૩૦☐
A. શુભોપયોગ ધરાવનાર
B. શુદ્ધ સ્વરૂપમાં સ્થિર રહેનાર
C. સર્વસંગથી મુક્ત
D. મૂઢ અનન્ય મન વડે આત્માને જાણનાર–દેખનાર

**૩૧. શેનો સમૂળગો અભાવ થતાં સર્વજ્ઞ દશા પ્રગટે છે ?** ૩૧.☐
A. રાગનો B. કર્મોનો
C. પરપ્રકાશક જ્ઞાનનો D. સંસારનો

**૩૨. ચારિત્ર શું નથી ?** ૩૨.☐
A. આત્માનો મુખ્ય ગુણ
B. ધર્મનું મૂળ
C. શુદ્ધ સ્વરૂપમાં સ્થિરતા
D. મોહક્ષોભવિહીન વીતરાગ દશા

**૩૩. એક જ આત્મામાં એક જ સમયે કઈ બે અવસ્થા એક સાથે સંભવી શકે છે ?** ૩૩.☐
A. સ્વચારિત્ર અને પરચારિત્ર
B. અજ્ઞાન અને અસંયમ
C. સ્વાનુભૂતિ અને પરાનુભૂતિ
D. આંશિક સુખ અને આંશિક દુઃખ

**૩૪. પોતાનો ત્રિકાળી સામાન્ય દ્રવ્ય સ્વભાવ કેવો નથી ?** ૩૪.☐
A. શુદ્ધ B. સ્થિર
C. વિચિત્ર D. એકરૂપ

**૩૫. સ્વચારિત્રનું સ્વરૂપ કેવું છે ?** ૩૫.☐
A. ઇન્દ્રિયજ્ઞાનરૂપ
B. સરાગતારૂપ
C. સ્વભાવપ્રતિઘાતના સદ્‌ભાવરૂપ
D. શુદ્ધોપયોગરૂપ

**૩૬. જીવના કેવા પરિણામને સ્વસમય કહે છે ?** ૩૬.☐
A. સરાગ
B. ઇન્દ્રિયજ્ઞાનરૂપ
C. કર્મપ્રદેશમાં સ્થિત
D. શુદ્ધ દ્રવ્ય સ્વભાવમાં સ્થિત

**૩૭. આત્મિક સુખની પ્રાપ્તિ માટે શેનો ત્યાગ જરૂરી છે ?** ૩૭☐
A. ઘરબારનો B. વેપારધંધાનો
C. રાગનો D. સંસારનો

**૩૮. આત્માની રુચિથી માંડીને મોક્ષ સુધી શેની જરૂર રહે છે ?** ૩૮.☐
A. વીતરાગી દેવ–ગુરુ–શાસ્ત્રની
B. સઘળા અને સાચી દિશાના પુરુષાર્થની

C. મનુષ્ય ભવની
D. મહાપુણ્યોદયની

**૩૯. સાચું સુખ શું છે અને ક્યાં છે ?** ૩૯.☐
A. ઈન્દ્રિય સુખ જે ઇન્દ્રિય વિષયોના ભોગવટામાં છે
B. આત્મિક સુખ જે નિર્વિકલ્પ દશામાં છે
C. આરોગ્યનું સુખ જે નિરોગી દશામાં છે
D. સાનુકૂળ સામગ્રીનું સુખ જે પુણ્યના ઉદયમાં છે

**૪૦. સંસારમાં જેને સુખ કહેવાય છે તે શું નથી ?** ૪૦.☐
A. આત્મિક સુખ
B. સુખાભાસ
C. આંશિક સુખ
D. ભ્રાંતિ

## સૈદ્ધાંતિક પ્રશ્નો

**નીચેના પ્રશ્નોના એક કે બે વાક્યોમાં ટૂંકા જવાબ આપો.**

૧. શા માટે સ્વર્ગમાં પણ સુખ હોતું નથી ?
૨. સોળ સ્વર્ગ ઉપરના વૈમાનિક દેવો ક્યા નામે ઓળખાય છે ?
૩. સંસારમાં સુખ નથી અને મોક્ષમાં જ સુખ છે તેમ નક્કી થાય તો તેના ફળમાં શું થાય ?
૪. અહમિન્દ્રના કેટલા પ્રકાર છે ? કયા કયા ?
૫. સ્વાર્થસિદ્ધિના અહમિન્દ્રને આહારની ઈચ્છા ક્યારે થાય છે ?
૬. અહમિન્દ્રોને શ્વાસોચ્છ્‌શ્વાસ ક્યારે હોય છે ?
૭. અહમિન્દ્રોની ભાષા કેવી હોય છે ? તેના વડે તેઓ શું કરે છે ?
૮. અહમિન્દ્રોનું મન શેમાં લાગેલું રહે છે અને તે કેવી ભાવના ભાવે છે ?
૯. અહમિન્દ્રોનું અવસ્થાન શેનું હોય છે ?
૧૦. સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્રોનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?
૧૧. અનુત્તર વિમાનના અહમિન્દ્રોનો અવધિજ્ઞાનનો વિષય જણાવો ?
૧૨. અહમિન્દ્રોની લેશ્યા કયા પ્રકારની હોય છે ?
૧૩. નવ ગ્રૈવેયકના મિથ્યાદૃષ્ટિ અહમિન્દ્ર કયા પ્રકારના નિમિત્તથી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી શકે છે ?
૧૪. એકાવતારી અહમિન્દ્રો ક્યા હોય છે ?
૧૫. દ્વિચરમ દેહી કયા અહમિન્દ્રો હોય છે ?
૧૬. કેવા મુનિરાજો અહમિન્દ્રમાં ઉપજે છે ?
૧૭. કેવા જીવો અહમિન્દ્રમાં ઉપજવાના અધિકારી નથી ?
૧૮. અનુદિશ અને અનુત્તર વિમાનમાં ઉપજનારા જીવો નિયમથી કેવા હોય છે?
૧૯. સંસારમાં સૌથી વધુ સુખી કોણ કહેવાય છે ?
૨૦. છદ્મસ્થજીવનો ઉપદેશ એકસમયે કેટલી જગ્યાએ કામ કરે છે?
૨૧. સુખ–દુઃખની બાબતમાં જ્ઞાનીની સવિકલ્પ–નિર્વિકલ્પદશા કેવી છે?
૨૨. અસ્થિરતા કોને કહે છે.
૨૩. અસ્થિરતા ક્યા કારણે હોય છે ?
૨૪. અસ્થિરતાના કારણે શું હોય છે ?
૨૫. અસ્થિરતાજન્ય દુઃખ કોને કહે છે ?
૨૬. જ્ઞાન અને તેની સાથે સંબંધિત સુખ કયા બે પ્રકારે છે ?
૨૭. અતીન્દ્રિયજ્ઞાન શા માટે પ્રમુખ છે ?
૨૮. ઈન્દ્રિયજ્ઞાન શા માટે ગૌણ છે ?
૨૯. પ્રમાણજ્ઞાન કોને કહે છે ?
૩૦. પ્રમાણજ્ઞાન કેવું હોય છે ?
૩૧. છદ્મસ્થજ્ઞાનીના નિર્વિકલ્પદશા સમયના જ્ઞાનને શું કહે છે ?
૩૨. ભાવશ્રુતપ્રમાણજ્ઞાન કેવું હોય છે ?
૩૩. પ્રત્યક્ષજ્ઞાન કોને કહે છે ?
૩૪. પરોક્ષજ્ઞાન કોને કહે છે ?
૩૫. પ્રત્યક્ષ જ્ઞાન કેવું હોય છે ?
૩૬. ભાવશ્રુતપ્રમાણજ્ઞાનને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?
૩૭. ભાવશ્રુતપ્રમાણજ્ઞાન સમયે થતી નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિ કેવી હોય છે ?
૩૮. ઉત્સર્ગ કથન કોને કહે છે ?
૩૯. અપવાદ કથન કોને કહે છે ?
૪૦. ભાવશ્રુતપ્રમાણજ્ઞાનની મનની કેવી ભૂમિકાને કારણે તે અતીન્દ્રિય કહેવાય છે ?
૪૧. ભાવશ્રુતપ્રમાણજ્ઞાન કયા જ્ઞાનનો અંશ કહી શકાય છે ?
૪૨. ઈન્દ્રિયજ્ઞાન અને તેથી થતા દુઃખનો અભાવ કેવી રીતે થાય ?
૪૩. આત્મિક સુખ પ્રાપ્ત કરવા માટે શું કરવું જોઈએ ?
૪૪. જેમ જેમ આત્મતત્વની ઓળખાણ અને અનુભવ થતા જાય છે તેમ તેમ ઈન્દ્રિયવિષયોની બાબતમાં શું થાય છે ?
૪૫. જ્ઞાનીનું ચારિત્ર કેટલા પ્રકારે હોય છે ?
૪૬. કોના ત્યાગથી વીતરાગ સ્વચારિત્રરૂપ મોક્ષમાર્ગ અને તેથી થતું આત્મિક સુખ પ્રગટે છે ?
૪૭. જ્ઞાનીનો પુરુષાર્થ કેવો હોય છે ?
૪૮. જ્ઞાનીનો પુરુષાર્થ કમજોર રહે ત્યારે શું બને છે ?
૪૯. નિવૃત્તિ એટલે શું ?
૫૦. પ્રવૃત્તિ એટલે શું ?
૫૧. વર્તમાન મનુષ્યજીવનમાં આપણને શું સંપ્રાપ્ત છે ?

**નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.**

૧. અહમિન્દ્ર કોને કહે છે ?
૨. અહમિન્દ્ર નામની સાર્થકતા કઈ રીતે છે ?
૩. ગ્રૈવેયકની માહિતી આપો.
૪. અનુદિશની માહિતી આપો.
૫. અનુત્તરની માહિતી આપો.
૬. અહમિન્દ્રના વિમાનોના પ્રકાર અનુસાર અહમિન્દ્રોના વિમાનોની સંખ્યાની માહિતી આપો.
૭. સર્વાર્થસિદ્ધિના વિમાનનું વર્ણન આપો.
૮. સર્વાર્થસિદ્ધિ વિમાનના દિવ્ય પ્રાસાદનું વર્ણન કરો.
૯. સર્વાર્થસિધિના અહમિન્દ્રના શરીરનું વર્ણન કરો.
૧૦. સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્રની જિનેન્દ્ર ભક્તિ કઈ રીતે હોય છે તે જણાવો.
૧૧. સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્રના આભૂષણ, વસ્ત્ર, માળા અને તેજ કેવા હોય છે ?
૧૨. સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્રોની તત્ત્વચર્ચા સંબંધી બહેનશ્રીનું કથન જણાવો.
૧૩. અહમિન્દ્રોને આહાર ક્યારે અને કેવો હોય છે ?
૧૪. અહમિન્દ્રના જન્મનું વર્ણન કરો.
૧૫. અહમિન્દ્રના શરીરની અવગાહના વિષે જણાવો.
૧૬. અહમિન્દ્રના આયુષ્ય વિષેની માહિતી આપો.
૧૭. અહમિન્દ્રના અવધિજ્ઞાન વિષે જણાવો.
૧૮. અહમિન્દ્રોની વિક્રિયાઋદ્ધિ વિષે જણાવો.
૧૯. અહમિન્દ્રોના પ્રવીચાર વિષે જણાવો.
૨૦. અહમિન્દ્રમાં કયા જીવો ઉપજે છે ?
૨૧. અહમિન્દ્ર ક્યાં અવતરે છે ? અને ક્યાં અવતરતા નથી ?

૨૨. અહમિન્દ્રોમાં સમ્યક્ત્વ અને મોક્ષની યોગ્યતા વિષે જણાવો.
૨૩. અહમિન્દ્રમાં ઉપજવાનું કારણ જણાવો.
૨૪. કેવા મુનિ દ્રવ્યલિંગી કહેવાતા નથી ?
૨૫. સંસારમાં એકબીજાથી ચઢિયાતા સુખી કોણ કહેવાય છે ?
૨૬. શા માટે સંસારમાં સૌથી વધુ સુખી અહમિન્દ્ર કહેવાય છે ?
૨૭. અહમિન્દ્રની કઈ બાબત તેના દુઃખને દર્શાવે છે ?
૨૮. આત્માનું સુખ અને દુઃખ શું છે ?
૨૯. જ્ઞાનીની સવિકલ્પ દશા કેવી હોય છે ?
૩૦. જ્ઞાનીની સવિકલ્પદશામાં શું હોતું નથી ?
૩૧. જ્ઞાનીની નિર્વિકલ્પદશા કેવી હોય છે ?
૩૨. ઉપયોગની સ્થિરતા–અસ્થિરતા શા કારણે છે ?
૩૩. ઉપયોગની સ્થિરતા કોને કહે છે ? તે કેવી રીતે પ્રગટે છે ?
૩૪. ઉપયોગની અસ્થિરતા કોને કહે છે ? તે કેવી રીતે પ્રગટે છે ?
૩૫. શા માટે સ્વાશ્રયે સ્થિરતા અને પરાશ્રયે અસ્થિરતા હોય છે ?
૩૬. શા માટે અસ્થિરતા દુઃખરૂપ અને સ્થિરતા સુખરૂપ હોય છે ?
૩૭. ઈન્દ્રિયજ્ઞાન શું છે ?
૩૮. અતીન્દ્રિયજ્ઞાન શું છે ?
૩૯. શા માટે ઈન્દ્રિયજ્ઞાન હેય અને અતીન્દ્રિયજ્ઞાન ઉપાદેય છે ?
૪૦. શા માટે જ્ઞાન અને સુખનું અભિન્નપણું છે ?
૪૧. જ્ઞાન અને તેની સાથે સંબંધિત સુખ કયા બે પ્રકારે છે ? અને કેવું છે ?
૪૨. જ્ઞાનીની સવિકલ્પ–નિર્વિકલ્પદશા શું છે ?
૪૩. શા માટે સવિકલ્પદશાનું જ્ઞાન ઈન્દ્રિય અને નિર્વિકલ્પદશાનું જ્ઞાન અતીન્દ્રિય હોય છે ?
૪૪. જ્ઞાનીનું ભાવશ્રુતપ્રમાણજ્ઞાન શું છે ?
૪૫. જ્ઞાનીનું ભાવશ્રુતપ્રમાણજ્ઞાનને પ્રત્યક્ષ કહેવાતા ત્રણ કારણો જણાવો.
૪૬. ભાવશ્રુતપ્રમાણજ્ઞાન કઈ રીતે સ્પષ્ટ અને સત્ય હોવાથી પરોક્ષ છે ?
૪૭. ભાવશ્રુતપ્રમાણ કઈ રીતે નિર્વિકલ્પ આત્માનુભૂતિરૂપ અને તેથી પ્રત્યક્ષ છે ?
૪૮. આત્મા સંબંધી મતિજ્ઞાનના ભેદો કયા કયા છે ?
૪૯. ભાવશ્રુતપ્રમાણજ્ઞાન કઈ રીતે અપવાદ કથનથી પ્રત્યક્ષ કહી શકાય છે ?
૫૦. ભાવશ્રુતપ્રમાણજ્ઞાનને અતીન્દ્રિય કહેવાતા ત્રણ કારણો જણાવો.
૫૧. ભાવશ્રુતપ્રમાણમાન કઈ રીતે અતીન્દ્રિય આત્માનો અનુભવ કરનાર હોવાથી અતીન્દ્રિય છે ?
૫૨. ભાવશ્રુતપ્રમાણજ્ઞાનમાં મનની વિશિષ્ટ ભૂમિકા કઈ રીતે છે કે જેના કારણે તે અતીન્દ્રિય છે ?
૫૩. ભાવશ્રુત પ્રમાણજ્ઞાન કઈ રીતે અતીન્દ્રિય સુખનો અનુભવ કરાવે છે કે જેના કારણોને અતીન્દ્રિય છે ?
૫૪. ઈન્દ્રિયજ્ઞાન અને તેની સાથે સંબંધિત અસ્થિરતાજન્ય દુઃખ અને અતીન્દ્રિયજ્ઞાન અને તેની સાથે સંબંધિત અતીન્દ્રિય સુખનો તફાવત દર્શાવતા માત્ર મુદ્દાઓ જણાવો.
૫૫. શા માટે ઈન્દ્રિયજ્ઞાન પરાધીન અને અતીન્દ્રિય સ્વાધીન છે ?
૫૬. કઈ રીતે ઈન્દ્રિયજ્ઞાન ક્ષુબ્ધ અને અતીન્દ્રિયજ્ઞાન અક્ષુબ્ધ છે ?
૫૭. કઈ રીતે ઈન્દ્રિયજ્ઞાન ખેદભિન્ન અને અતીન્દ્રિયજ્ઞાન અખેદખિન્ન છે ?
૫૮. કઈ રીતે ઈન્દ્રિયજ્ઞાન અસમંત અને અતીન્દ્રિય જ્ઞાન સમંત છે ?
૫૯. કઈ રીતે ઈન્દ્રિયજ્ઞાન સહાનિવૃદ્ધિ અને અતીન્દ્રિય જ્ઞાન અહાનિવૃદ્ધિ છે ?
૬૦. કઈ રીતે ઈન્દ્રિયજ્ઞાન સવ્યાબાધ અને અતીન્દ્રિયજ્ઞાન અવ્યાબાધ છે ?
૬૧. કઈ રીતે ઈન્દ્રિયજ્ઞાન વિચ્છિન્ન અને અતીન્દ્રિયજ્ઞાન અવિચ્છિન્ન છે ?
૬૨. કઈ રીતે ઈન્દ્રિયજ્ઞાન પ્રમત અને અતીન્દ્રિય જ્ઞાન અપ્રમત છે ?
૬૩. કઈ રીતે ઈન્દ્રિયજ્ઞાન બંધનું કારણ અને અતીન્દ્રિય જ્ઞાન મોક્ષનું કારણ છે ?
૬૪. કઈ રીતે ઈન્દ્રિયજ્ઞાન જ્ઞેયાર્થપરિણમન અને અતીન્દ્રિયજ્ઞાન જ્ઞપ્તિપરિણમન છે ?
૬૫. શા માટે ઈન્દ્રિયજ્ઞાન પરમાર્થ જ્ઞાન નથી અને અતીન્દ્રિયજ્ઞાન પરમાર્થ જ્ઞાન છે ?
૬૬. કઈ રીતે ઈન્દ્રિયજ્ઞાન હેય અને અતીન્દ્રિયજ્ઞાન ઉપાદેય છે ?
૬૭. કઈ રીતે ઈન્દ્રિયજ્ઞાન દુઃખરૂપ અને અતીન્દ્રિયજ્ઞાન સુખરૂપ છે ?
૬૮. જ્ઞાનીને સ્વચારિત્ર અને પરચારિત્ર ક્યારે હોય છે ?
૬૯. જ્ઞાન અને સુખ આત્માના ચારિત્રને અનુસરનાર કઈ રીતે છે ?
૭૦. ચારિત્ર શું છે તેના કેટલા પ્રકાર છે ?
૭૧. કયુ ચારિત્ર સુખરૂપ છે અને કયું ચારિત્ર દુઃખરૂપ છે ?
૭૨. શા માટે સ્વ–પરચારિત્ર અને તેથી થતું સુખ–દુઃખ એક સાથે હોતું નથી ?
૭૩. સવિકલ્પ–નિર્વિકલ્પદશા અને તેની સાથે સંકળાયેલી એવી વિરોધી કઈ બાબતો છે કે જે એક સમયે એક સાથે હોતી નથી ?
૭૪. શા માટે સ્વચારિત્ર સુખરૂપ હોય છે ?
૭૫. કયું સ્વરૂપ સુખરૂપ અને કયું દુઃખરૂપ હોય છે ?
૭૬. સુખ–દુઃખના કારણભૂત સ્વ–પરચારિત્રના સ્વરૂપનો તફાવત દર્શાવતા માત્ર મુદાઓ આપો.
૭૭. સ્વ–પરચારિત્રનો આત્માધીન–પરાધીન સ્વરૂપનો તફાવત અને તે સુખ–દુઃખનું કારણ છે તે દર્શાવો.
૭૮. સ્વ–પરચારિત્રનો સ્વસમય–પરસમયરૂપ તફાવત અને તે સુખ–દુઃખનું કારણ છે તે દર્શાવો.
૭૯. સ્વ–પરચારિત્રનો શુદ્ધોપયોગ–અશુદ્ધપયોગરૂપ તફાવત અને તે સુખ–દુઃખનું કારણ છે તે દર્શાવો.
૮૦. સ્વ–પરચારિત્રનો વીતરાગતા–સરાગતારૂપ તફાવત અને તે સુખ–દુઃખનું કારણ છે તે દર્શાવો.
૮૧. સ્વ–પરચારિત્રનો અતીન્દ્રિયજ્ઞાન–ઈન્દ્રિયજ્ઞાનરૂપ તફાવત અને તે સુખ–દુઃખનું કારણ છે તે દર્શાવો.
૮૨. અસ્થિરતાજન્ય દુઃખ ટાળવાનો ઉપાય શો છે ?
૮૩. સંસારની દેવગતિમાં ઉત્તરોતર ઉત્કૃષ્ટપણું બતાવો ?
૮૪. અનાદિ અજ્ઞાની જીવને કોના પ્રત્યે મિત્રતા છે અને કોના પ્રત્યે મિત્રતા નથી ? શા માટે ?
૮૫. મનુષ્ય જીવનના સમજણ અને વિવેકનો ઉપયોગ કઈ રીતે કરવો જોઈએ ? અને તેથી શું પ્રાપ્ત થાય ?

**નીચેનાનો મુદાસર તફાવત આપો.**

૧. જ્ઞાનીની સવિકલ્પદશા અને નિર્વિકલ્પદશા
૨. ઉપયોગની સ્થિરતા અને અસ્થિરતા

## વિદ્યાર્થીઓની જૂથ પ્રવૃત્તિ

૧. નીચે પૈકી કોઈ એક પ્રોજેક્ટ જુથમાં તૈયાર કરો
  ★ સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્ર
  ★ અસ્થિરતાજન્ય દુઃખના કારણભૂત ઈન્દ્રિયજ્ઞાન
  ★ અસ્થિરતાજન્ય દુઃખના કારણભૂત પરચારિત્ર
૨. ઈન્દ્રિયજ્ઞાન-અતીન્દ્રિયજ્ઞાન તેમજ સ્વ-ચારિત્ર -પરચારિત્રનો સંવાદ ભજવો.
૩. જ્ઞાનીની અસ્થિરતાજન્ય દુઃખ સાથે સંબંધીત બાબતોની યાદી બતાવો.
૪. પ્રકરણમાં આવતા કાવ્ય/ગાથાનું સમુહગાન કરો.

## શિક્ષકની વિશેષ પ્રવૃત્તિ

૧. પાંચ પાંડવોની કથા કહી અસ્થિરતાજન્ય દુઃખનું સ્વરૂપ સમજાવો.
૨. જ્ઞાનીને નિર્વિકલ્પદશામાં જ આત્મિક અતીન્દ્રિયસુખ હોય છે અને સવિકલ્પદશામાં અસ્થિરતાજન્ય દુઃખ હોય છે તેવી બાબત દર્શાવતી પૂજ્ય બહેનશ્રીની વીડીયો તત્વચર્ચાનું નિદર્શન કરાવો.